


## સાચું વલણ અપનાવો

સાચું વલણ એ છે કે શ્રી માતાજીને ભક્તિભાવપૂર્વક સમર્પિત થઈ જવું અને તેઓ તમને જે બનાવવા માગતાં હોય એ જ બની રહેવાની ઈચ્છા રાખવી. આમ થયા પછી તમારી અંદર શું કરવું એનો નિર્ણય શ્રી માતાજી પોતે જ લેશે.

શ્રી અરવિન્દ

# અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે)

## અખિલ ભારત પત્રિકા

શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.
સપ્ટેમ્બર -૨૦૦૯ વર્ષ : ૩૩ અંક : ૧૨ સળંગ અંક ૩૯૮

# અનુક્રમ

## વિભાગ-૧ વિનમ્રતા


ભક્તિભાવ અને વિનમ્રતાનું વલણ ૫
સાચી વિનમ્રતા ૬
કૃપા પ્રાપ્ત કરવા માટેની પ્રથમ શરત ૮
વિનમ્ર બનવાની સાચી અને ખોટી રીત ૧૧
નિઃસ્વાર્થ અહોભાવ-વિનમ્રતાનું અંગ ૧૩
માત્ર વિનમ્રતા પૂરતી નથી ૧૪


☆

## વિભાગ-૨ કૃતજ્ઞતા


બે વસ્તુઓ જે આપણને તૈયાર કરે છે ૧૫
વિદ્યાર્થીના પ્રશ્નોના શ્રી માતાજીએ આપેલા ઉત્તર ૧૭
કૃતજ્ઞતાની અભિવ્યક્તિ માટેની શ્રેષ્ઠ રીત ૧૯


☆

## વિભાગ-૩ કર્મની અનિવાર્યતા


કર્મ અનિવાર્ય છે ૨૧
કર્મ કરવાની યોગ્ય રીત ૨૩


## પરિશિષ્ટ


Sri Aurobindo Society : Objectives ૨૫
આધ્યાત્મિક સમાજ ૨૬
(શ્રી અરવિન્દ દર્શન મુજબ)


☆



વૃત્ત વિશેષ ૩૭




**असतो मा सद्गमय ।**
**तमसो मा ज्योतिर्गमय ।**
**मृत्योर्माऽमृतं गमय ।।**
**ॐ शान्तिः शान्तिः शान्तिः ।।**

(बृहदारण्यक उपनिषद्)


तथास्तु





From the non-being to true being,
from the darkness to the Light,
from death to immortality,
Om Peace ! Peace ! Peace !

(Brihadaranyaka Upanishad)

So be it








Adoration and Obeisance



# ભક્તિભાવ અને વિનમ્રતાનું વલણ

શ્રી માતાજી : આ શું છે ?

સાધક : માતાજી આ આપની એક છબી છે.

શ્રી માતાજી : આહ ! મારી છબી ? તમે ઇચ્છો છો કે હું એના પર સહી કરી આપુ ?

સાધક : હા, માતાજી. પરંતુ આ છબીમાં તમે પ્રણામ કેમ કરો છો ? શા માટે ? અને કોને પ્રણામ કરો છો ?

શ્રી માતાજી : શું તમે જોતા નથી હું સત્યનું અભિવાદન કરી રહી છું ? આ જરૂરી અવસ્થા છે. એ છે ભક્તિભાવ અને વિનમ્રતાનું વલણ. હું એવા દિવસની ધીરજપૂર્વક રાહ જોઈ રહી છું કે જે દિવસે સત્ય આપણો એકમાત્ર ભોમિયો બની રહેશે. એને માટે આ વલણ ખૂબ મહત્ત્વનું છે. પૃથ્વી જો એવી અભીપ્સા સેવતી હોય કે દિવ્ય સત્ય, અહીં તેની સમગ્રતામાં પ્રસ્થાપિત થાય, તો એણે આ જ વલણ અપનાવવું જોઈએ. માત્ર આ વલણ જ પૃથ્વીને બચાવી શકે એમ છે. આ વલણમાં સ્થિર થવું અને ઊર્ધ્વની અભીપ્સા સેવવી. સત્ય સમક્ષ આ વલણપૂર્વક નમસ્કાર કરતાં પૃથ્વીએ શીખવું જ જોઈએ. આ છે પૂજા અને સાથે સાથે પ્રણિપાત. પૃથ્વીએ આ શીખવું જ જોઈએ. આ વલણ આનાથી પણ કંઈ વધુ રજૂ કરે છે, એ વસ્તુ વધુ અગાધ અને ઉદાત્ત છે.

*(મોના સરકારની સ્મૃતિમાંથી)*

(Sweet Mother : Harmonies of Light, Part 1, 1978 ed; P-15)

# સાચી વિનમ્રતા

વિનમ્રતા એ છે સ્વીકાર, કે પોતે જાણતા નથી, પોતે કંઈ જ જાણતા નથી, અને હાલ આપણને જે કંઈ સાચામાં સાચું, ઉમદામાં ઉમદા તેમજ નિઃસ્વાર્થી લાગે છે એનાથી પર પણ કંઈક આવી રહેલું હોઈ શકે છે એનો સ્વીકાર. સાચી વિનમ્રતા પોતાની જાતને સતત પ્રભુ પાસે રજૂ કરતા રહેવું, તથા પ્રભુ સમક્ષ બધું જ મૂકી દેવામાં સમાયેલી છે.

❀

વિનમ્ર હોવું એટલે મન, પ્રાણ અને શરીર કદાપિ એ ન વીસરી જાય કે પ્રભુ ન હોય તો તેઓ કંઈ જ નથી, કંઈ કરી શકે નહિ અને તેઓ કંઈ જાણતા પણ નથી; પ્રભુ સિવાયના તેઓ અજ્ઞાન, અમૂર્ત અને શક્તિહીન છે. માત્ર ઈશ્વર જ સત્ય છે, જીવન છે, શક્તિ છે, પ્રેમ છે, પરમ સુખ છે.

અને માટે જ મન, પ્રાણ અને શરીરે એ શીખી લેવું જોઈએ તથા હંમેશને માટે એ અનુભવવું જોઈએ કે ઈશ્વરને એમના તત્ત્વાંશે અને એમના કાર્યમાં તેમ જ આવિર્ભાવમાં સમજવાને માટે તેમ જ ઈશ્વર વિશે નિર્ણય બાંધી લેવા માટે તેઓ પૂરેપૂરી રીતે અસમર્થ છે.

આ જ માત્ર સાચી વિનમ્રતા છે અને એ વિનમ્રતા સાથે શાન્તિ અને સ્વસ્થતા પણ આવી મળે છે. બધી જાતના વિરોધી હુમલા સામે આ વિનમ્રતા તે ભરોસાપાત્ર રક્ષણ પણ છે. માનવસ્વરૂપમાં હંમેશા અભિમાનના દરવાજા પર જ વિરોધી શક્તિ ટકોરા મારતી હોય છે, કારણ કે અભિમાનનો દરવાજો જ વિરોધી શક્તિને પ્રવેશ આપવા માટે ખૂલી જતો હોય છે.

❀

માત્ર પરમ ચેતના, ને પરમ સંકલ્પ જ અસ્તિત્વ ધરાવે છે અને ‘હું’ નું અસ્તિત્વ નથી એ જાણી લેવું એ જ છે સાચી વિનમ્રતા.

❀

ગર્વ અને બેઅદબી હંમેશા ઉપહાસપાત્ર હોય છે : માત્ર મૂર્ખ અને અજ્ઞાની લોકો જ ઘમંડી હોય છે. વિશ્વમાં સર્વવ્યાપક એવા અગમ્ય તત્ત્વ સાથે થોડોક પણ સંપર્ક કેળવવા પૂરતો જ્યારે મનુષ્ય પ્રબુદ્ધ બને છે કે તુરત જ એ વિનમ્ર બની જાય છે.

❀



જો તમે કોઈ એવા સાચા વૈજ્ઞાનિકને મળો કે જેણે ખૂબ કામ કર્યું હોય તો તે તમને કહેશે કે : ‘અમે કાંઈ જાણતા નથી, અને અમે જે આજે જાણીએ છીએ તે અમે આવતી કાલે જાણીશું તેના આગળ કંઈ હિસાબમાં ગણાય તેવું નથી. આ વર્ષે જેની શોધ કરવામાં આવી છે તેને ટપી જાય તેવી શોધ આવતા વર્ષે કરવામાં આવશે.’ જે સાચા અર્થમાં મહા પંડિત હોય છે તે જાણતા હોય છે કે પોતે જે જાણે છે તેના કરતાં અનેક ઘણા વધુ પ્રમાણમાં જાણવાનું બાકી રહી જાય છે. અને આ વસ્તુ માનવજાતિની સર્વે પ્રવૃત્તિઓને લાગુ પડે છે. હું એવા કોઈ સાચા પંડિતને મળી નથી જેનામાં મિથ્યાભિમાન હોય. મને એવી કોઈ ગણનાપાત્ર વ્યક્તિ મળી નથી જેણે એમ કહ્યું હોય કે ‘હું સર્વ કાંઈ જાણું છું.’

જે કોઈ લોકોને હું મળી છું તે બધાએ મારા આગળ સ્પષ્ટ કરેલું કે ‘આખરે, હું કાંઈ જાણતો નથી.’ પોતે જે કાંઈ કર્યું હોય, પોતે જે કાંઈ પરિણામો પ્રાપ્ત કર્યાં હોય, તે સર્વ વિશે કહ્યા પછી તેઓ ધીરેથી કહે છે ‘એકંદરે જોતાં હું કાંઈ જાણતો નથી.’

❀

**પ્રશ્ન :** વિનમ્રતા – તમે એનો અર્થ એમ કરો છો કે પ્રત્યેક વ્યક્તિ પરત્વે નમ્ર બની રહેવું ?

**ઉત્તર :** બેશક, ના.

તમારે ઈશ્વર પરત્વે વિનમ્ર બની રહેવાનું છે, એ છે સંપૂર્ણ અને સમગ્ર એવી વિનમ્રતા.

❀

વધારે પડતું અવમૂલ્યન એ વધુ પડતા વખાણથી કંઈ સારી વસ્તુ નથી. સાચી વિનમ્રતા એ છે કે પોતાના વિશે નિર્ણય ન બાંધી લેવો અને આપણું સાચું મૂલ્ય શું છે એ પ્રભુને નક્કી કરવા દેવું.

વિનમ્રતા એ છે...... એક દિવ્ય આંદોલન.

**શ્રી માતાજી**

(The Spiritual Significance of Flowers - P-119, CWM-Vol-14-P-160, Vol-2-P-147, Vol-5-P-30 Vol-17-P-143, Vol-16, -P-78, Vol-3, P-139)

# કૃપા પ્રાપ્ત કરવા માટેની પ્રથમ શરત

પ્રભુકૃપાનો કૃતજ્ઞતાથી સ્વીકાર કરવા માટે કઈ રીત છે ?

આહ ! પ્રથમ તો તમારે તેની જરૂરિયાત અનુભવવી જોઈએ.

આ સૌથી અગત્યનો મુદ્દો છે. તેમાં તમારામાં એક પ્રકારની આંતરિક નમ્રતા હોવી જોઈએ, જે તમને પ્રભુકૃપા વગર તમારી નિર્બળતા વિશે સભાન બનાવે કે, ખરેખર તેના વગર તમે અપૂર્ણ અને શક્તિવિહીન છો. પ્રથમ આ વસ્તુથી શરૂઆત કરવી જોઈએ.

આ એક અનુભવ છે જે દરેકને સારી રીતે થઈ શકે છે. જ્યારે તમે જુઓ કે એવા માણસો જે કાંઈ પણ જાણતાં નથી અને કોઈ ખૂબ મુશ્કેલ પરિસ્થિતિઓમાં અથવા પ્રશ્નોમાં જેનો ઉકેલ લાવવો જોઈએ તેવામાં તેઓ પડેલા હોય છે. મેં તમને હમણાં જ કહ્યું તે પ્રમાણે એક આવેગ જેના ઉપર વિજય મેળવવાનો હોય છે અથવા કોઈક એવી વસ્તુ જેણે તેમને અસ્તવ્યસ્ત કર્યા હોય છે.... અને પછીથી તેઓ એમ અનુભવે છે કે તેઓ ખુવાર થઈ ગયેલા છે, તેઓ જાણતા નથી કે શું કરવું ? તેમનું મન કે તેમની ઇચ્છાશક્તિ કે તેમની લાગણીઓ કોઈ પણ તેમને સહાય કરતાં નથી – અને તેઓ જાણતાં નથી કે શું કરવું, તે વખતે તે બની આવે છે; તેમની અંદર કાંઈક છે, એક પ્રકારનો પુકાર, કોઈક વસ્તુ, પ્રભુનું આહ્‌વાન, જે વસ્તુ પોતે કરી શકે તેમ નથી, તે પેલી વસ્તુ કરી શકે છે. પોતે ન કરી શકે માટે અભીપ્સા કરે છે. માણસ પોતે જે વસ્તુ કરવા શક્તિમાન નથી તેને માટે જે શક્તિમાન છે તેના પ્રત્યે અભીપ્સા કરે છે.

આ પ્રથમ શરત છે. અને પછીથી જો તમે સભાન બનો કે તે ફક્ત ઈશ્વરકૃપા જ કરી શકે, જે સ્થિતિમાં તમારી જાત મુકાયેલી છે, તેમાંથી ફક્ત પ્રભુકૃપા જ બહાર લાવી શકે તેમ છે, તમને ઉકેલ આપી શકે તેમ છે, અને તમને બહાર નીકળવા માટેનું બળ આપી શકે તેમ છે પછી સ્વાભાવિક રીતે જ તમારી અંદર એક તીવ્ર અભીપ્સા જાગ્રત થાય છે, એક ચેતના, જેને લઈને તમારી અંદર ખુલ્લાપણું થાય છે. જો તમે પુકાર કરો, અભીપ્સા કરો, અને જો તમને પ્રત્યુત્તર મળવાની આશા હોય, તો ખરેખર સ્વાભાવિક રીતે જ તમે તમારી જાતને પ્રભુકૃપા પ્રત્યે ખુલ્લી કરશો.



અને પછીથી – તમારે આ વસ્તુ પ્રત્યે ખૂબ ધ્યાન આપવું પડશે. (માતાજી પોતાના હોઠ પર આંગળી મૂકે છે) – પ્રભુકૃપા તમને ઉત્તર આપશે, દિવ્યકૃપા તમને તકલીફમાંથી બહાર ખેંચી કાઢશે. તે કૃપા તમારા પ્રશ્નનો ઉકેલ આપશે, અથવા તમારી મુશ્કેલીઓમાંથી બહાર કાઢવા માટે સહાયરૂપ નીવડશે. પરંતુ એક વખત તમે મુશ્કેલીઓમાંથી મુક્ત બનો, અને તમારી મુશ્કેલીઓમાંથી બહાર નીકળી જાવ, તો ભૂલશો નહીં કે પ્રભુકૃપાએ તમને તેમાંથી બહાર ઉપાડી લીધા છે, અને એવો વિચાર ન કરશો કે તમે પોતે તેમ કરી શક્યા છો, કારણ કે આ ખરેખર સૌથી અગત્યનો મુદ્દો છે. મોટાભાગના લોકો જેવી મુશ્કેલી ચાલી જાય છે કે તરત જ કહે છે, ''છેવટે મારી જાતને મુશ્કેલીમાંથી બહુ સારી રીતે બહાર ખેંચી લીધી.''

તો તમે તે સ્થિતિમાં છો અને પછીથી તમે સાંકળ મારીને તાળું મારો છો, અને તમે હવે પછી કાંઈ પણ ગ્રહણ કરી શકશો નહીં. તમારે ફરીથી કોઈક તીવ્ર વેદનાની ભયંકર ઉપાધિની જરૂર છે જેથી આવી મૂર્ખતા ચાલી જાય અને તમને ભાન આવે કે તમે પોતે કાંઈ જ નથી. કારણ કે, જ્યારે તમને એવું ભાન આવવાની શરૂઆત થાય કે તમે પોતે શક્તિવિહીન છો ત્યારે જ તમે થોડા ખુલ્લા અને નમનીય બનવાની શરૂઆત કરો છો. પરંતુ જ્યાં સુધી તમે એમ વિચારો છો કે તમે જે કાંઈ કરો છો તે તમારી પોતાની કુશળતા ઉપર આધાર રાખે છે. તમારી પોતાના શક્તિ ઉપર, તો ખરેખર તમે બારણું બંધ કરો છો, એટલું જ નહીં, પરંતુ તમે સમજો કે તમે ઘણાં બારણાંઓને એકબીજા ઉપર બંધ કરીને તે બધાં ઉપર સાંકળ લગાવો છો. તમે તમારી જાતને એક કિલ્લામાં કેદ કરો છો, અને ત્યાં કોઇ પણ વસ્તુ પ્રવેશ કરી શકશે નહીં, આ એક મોટી ખામી છે, માણસ બહુ ઝડપથી ભૂલી જાય છે, બિલકુલ કુદરતી રીતે જ વ્યક્તિ પોતાની શક્તિથી જ સંતોષ અનુભવે છે.

**પરંતુ માતાજી, જ્યારે વ્યક્તિ એમ વિચારવા પ્રયત્ન કરે કે પોતે શક્તિવિહીન છે, ત્યારે પણ કોઈક વસ્તુ એવી હોય જે એમ માને કે તે પોતે શક્તિશાળી છે, તો પછી ?**

આહ, હા, આહ, હા ! આહ, સચ્ચાઈવાળા બનવું ઘણું મુશ્કેલ છે.... એટલા માટે જ ફટકાઓની સંખ્યા વધે છે અને કેટલીક વખત ભયંકર બને છે, કારણ કે તે જ ફક્ત એવી વસ્તુ છે જે તમારી મૂર્ખાઈને તોડી પાડે છે, અણધારી મુશ્કેલીઓ આવવાનું આ જ ન્યાયી કારણ છે, ફક્ત જ્યારે તમે ખૂબ દુઃખદાયક પરિસ્થિતિમાં મુકાઓ છો અને ખરેખર તમને કોઈક વસ્તુ ખૂબ

ઊંડાણપૂર્વક અસર કરે છે ત્યાર પછી જ તે વસ્તુ તમારી મૂર્ખતાને થોડીક પીગાળે છે, પરંતુ તમે જેમ કહો છો તેમ કોઈક વસ્તુ એવી હોય છે તે પીગળે છે છતાં એક નાનું કાંઈક એવું હોય છે જે તમારી અંદર રહેલું છે, અને એટલા માટે જ તે વસ્તુ ઘણા લાંબા સમય સુધી ચાલ્યા કરે છે.....

જીવનમાં કેટલા બધા ફટકાઓની જરૂર છે જેથી વ્યક્તિ ઊંડાણપૂર્વક જાણી શકે કે તે કાંઈ પણ નથી, કે પોતે કાંઈ પણ કરી શકે તેમ નથી કે તે કાંઈ હસ્તી ધરાવતો નથી, કે પોતે કાંઈ પણ નથી, કે એવું કોઈ પણ તત્ત્વ નથી જે પ્રભુની ચેતના અને પ્રભુ કૃપા વગર હસ્તી ધરાવે. જે ક્ષણથી વ્યક્તિ તે જાણે છે, તે ક્ષણે તે પૂરું થઈ જાય છે; બધી જ મુશ્કેલીઓ ચાલી ગયેલી હોય છે. જ્યારે માણસ સમગ્ર રીતે તે જાણે છે અને તેનામાં એવી કોઈ પણ વસ્તુ નથી જે તેનો વિરોધ કરે..... પરંતુ તે ક્ષણ પૂરતું તો.... અને તે ઘણો લાંબો સમય લે છે.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ-૬ પૃ-૩૧૧થી ૩૧૪)

❀❀❀

*કેટલાક લોકોને પ્રાર્થના ગમતી નથી; તેઓ જો તેમના અંતરમાં ઊંડા ઊતરીને જોશે તો તેમને જણાશે કે તેમનામાં ગર્વ રહેલો છે - એથી પણ ખરાબ, મિથ્યાભિમાન પણ હોય છે. અને પછી એવા લોકો પણ હોય છે જેમનામાં કોઈ અભીપ્સા નથી હોતી, તેઓ પ્રયત્ન કરે છે પણ એ વસ્તુ એમનામાં આવતી નથી; એનું કારણ એ કે તેમનામાં સંકલ્પની જ્યોતિ નથી હોતી, એનું એ પણ કારણ હોય છે કે તેમનામાં નમ્રતાની જ્યોતિ નથી હોતી.*

***શ્રી માતાજી***

(શ્રી માતૃવાીણી ગ્રંથ - ૫ પૃ-૧૮૮)



# વિનમ્ર બનવાની સાચી અને ખોટી રીત

'કેટલાક લોકો જ્યારે ધ્યાન કરવા માટે બેસે છે ત્યારે એવી અવસ્થામાં પ્રવેશ કરે છે, જેને તેઓ ખૂબ નોંધપાત્ર અને આનંદદાયક ગણે છે.

(માતાજીની વાણી, વાર્તાલાપ-૩)

**બાળક :** આ અવસ્થા કયા પ્રકારની હોય છે ?

**શ્રી માતાજી :** એ ગમે તે પ્રકારની હોય, પણ તેઓ એમ ધારતાં હોય છે કે એમની અવસ્થા આનંદદાયક અને નોંધપાત્ર છે. એ લોકોને પોતાના વિશે બહુ ઊંચો અભિપ્રાય હોય છે. એ લોકો પોતાને બહુ નોંધપાત્ર મનુષ્યો ગણતા હોય છે. કારણ કે તેઓ હાલ્યાચાલ્યા વિના અચંચળપણે બેસી રહી શકે છે; અને એમાં પછી જો તેઓ કોઈ વસ્તુનો વિચાર ન કરતા હોય એવી અવસ્થા પ્રાપ્ત કરે છે તો એ વસ્તુ એમને ઘણી ધ્યાન ખેંચે તેવી લાગે છે. પરંતુ એમાં તો એમના મસ્તકમાં એક પ્રકારનું કેલિડોસ્કોપ ફરી રહ્યું હોય છે, ફક્ત તેઓ તેના વિશે જાણતા પણ નથી હોતા. પરંતુ જે લોકો એક ક્ષણ માટે પણ હાલ્યાચાલ્યા વિના, બોલ્યા વિના અને વિચાર કર્યા વિના બેસી રહી શકે છે; તેઓને મોટાભાગે પોતાના વિશે ઘણો ઊંચો અભિપ્રાય હોય છે.

❀

પોતે બેસીને કદી ધ્યાન કરી શકે છે, તે કારણે પોતે અતિશય અસામાન્ય લોકો છે એવું માનનારા લોકોનો મને હમેશાં ડર લાગે છે. સર્વ વસ્તુઓમાં, એ પ્રકારનું વલણ ખૂબ ભયંકર હોય છે, કારણ કે એ લોકો અતિશય મિથ્યાભિમાની બની જાય છે અને એટલા બધા આત્મ-સંતુષ્ટ બની રહે છે કે તેઓ પોતાના માટે પ્રગતિના સર્વે માર્ગો બંધ કરી દે છે.... એક એવી વસ્તુ છે જેને માટે હમેશાં કહેવામાં આવે છે, પણ હંમેશાં એનો ખોટો અર્થ કરવામાં આવે છે, અને તે વસ્તુ છે, નમ્રતાની જરૂરિયાત. એને ખોટી રીતે સમજવામાં આવે છે. ખોટી રીતે ગ્રહણ કરવામાં આવે છે, અને એનો ઉપયોગ પણ ખોટી રીતનો કરવામાં આવે છે. જો તમે સાચી રીતે તેવા થઈ શકો તો નમ્ર બનો; પણ ખોટી રીતે તેવા ન બનશો, કારણ કે એ તમને કોઇ રીતે ફલદાયી નહિ થાય. પરંતુ આમાં એક વસ્તુ છે : જો તમે તમારામાંથી જેને મિથ્યાભિમાન

કહેવાય છે તે નિંદામણનું બીજ જો ઉખાડીને ફેંકી દઈ શકશો, તો ખરેખર તમે કાંઈ કાર્ય કર્યું ગણાશે. પણ તમને ખબર નહિ હોય કે એમ કરવું કેટલું બધું મુશ્કેલ છે ! તમે તમારી અંદર જરા ફુલાઈ ગયા વિના, તમે સભાન બન્યા વિના, મિથ્યાભિમાનના આત્મસંતોષ વિના કોઈ યોગ્ય વસ્તુ કરી શકતા નથી, યોગ્ય વિચાર સેવી શકતા નથી, યોગ્ય ક્રિયા કરી શકતા નથી, જરા સરખી પણ પ્રગતિ કરી શકતા નથી. અને તમારે એને ભાંગવું હોય તો એના ઉપર હથોડાના ઘા કરવા પડે છે. અને છતાં એ મિથ્યાભિમાનના ભાંગેલા ટુકડા રહી જાય છે અને એમાંથી પાછા ફણગા ફૂટે છે. આપણે આપણી આખી જિંદગી સુધી આ રીતે કાર્ય કરતા રહેવું જોઈએ, અને ફરી ફરીને અવિરતપણે ઊગ્યે જતા આ નિંદામણના છોડને ઉખાડીને ફેંકી દેતા રહેવાનું ભૂલવું ન જોઈએ જેથી તમને લાગે કે એનો લોપ થઈ ગયો છે અને તમે પોતાની જાતને ઘણા નમ્ર અનુભવો ને તમે કહી શકો : ''એ વસ્તુ કરનાર હું નથી, મને લાગે છે કે એ કાર્ય કરનાર તો પ્રભુ છે, એ જો અહીં ન હોય તો મારી કશી કિંમત નથી,'' અને એક મિનિટ પછી, એવો વિચાર સેવવા બદલ પણ તમે તમારી જાત વિશે ખૂબ આત્મસંતુષ્ટ બની રહો છો.

❀

બાળક : નમ્ર બનવાની યોગ્ય રીતે કઈ અને અયોગ્ય રીત કઈ ?

શ્રી માતાજી : એ તો બહુ સાદી વાત છે; જ્યારે લોકોને કહેવામાં આવે છે કે નમ્ર બનો, ત્યારે તેઓ તરત જ 'બીજા લોકો પ્રત્યે નમ્રતા દાખવવા' વિશે વિચાર કરે છે અને એ પ્રકારની નમ્રતા, ખોટી નમ્રતા છે. સાચી નમ્રતા, પ્રભુ પ્રત્યેની નમ્રતા છે, એટલે કે, એક નિશ્ચિત, ચોક્કસ, જીવંત અનુભૂતિ કે જેમાં તમને એવી લાગણી થાય કે તમે કાંઈ નથી, તમે કાંઈ કરી શકતા નથી, પ્રભુના વિના તમે કંઈ સમજી શકતા નથી અને તમે ભલે અસાધારણ બુદ્ધિ અને ક્ષમતા ધરાવનાર હો છતાં પ્રભુની ચેતનાની સરખામણીમાં તમે કાંઈ નથી, અને આ પ્રકારનું વલણ તમારે હમેશાં જાળવી રાખવું જોઈએ, કારણ કે તો જ તમારામાં હમેશાં સાચી ગ્રહણશીલતાનું વલણ રહેશે - એક નમ્ર ગ્રહણશીલતા, જે પોતાના અંગત દંભને પ્રભુની સામે ધરતી નથી.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ-૫ પૃ-૧૩૨, ૧૩૬ ને ૧૩૭)



# નિઃસ્વાર્થ અહોભાવ - વિનમ્રતાનું અંગ

વિનમ્રતા ચેતનાની એક એવી અવસ્થા છે જેમાં, ગમે તેવી ઉપલબ્ધિ હોય, છતાં તમને ખબર હોય છે કે અનંત તત્ત્વ સતત તમારી સમક્ષ છે. નિઃસ્વાર્થ અહોભાવના એક વિરલ ગુણ વિશે મેં તમને આગળ જણાવ્યું છે, એ પણ સાચી વિનમ્રતાનું એક બીજું પાસું છે, કારણ કે અહોભાવ પ્રગટ કરવાનું જે નકારે છે તે માત્ર એક ઘમંડ હોય છે. પોતાની ક્ષુલ્લક પ્રાપ્તિઓને વિશે તે આત્મસંતુષ્ટ હોય છે, તેનાથી સદાય આગળ રહેલા અનંતને તે ભૂલી જાય છે. અને છતાંય તમારી પાસે કશું જ સત્ત્વશીલ ન હોય, તમારામાં દિવ્ય એવું કંઈ ન હોય ત્યારે જ માત્ર વિનમ્ર થવાની આવશ્યક્તા છે, એમ માનવાનું નથી; પણ તમે રૂપાંતરને માર્ગે હો ત્યારે પણ વિનમ્રતા હોવી જરૂરી છે. કદાચ વિરોધાભાસી જણાય છતાં ભગવાન જેઓ નિરપેક્ષભાવે પૂર્ણ છે, તેઓ સાથે સાથે પૂર્ણભાવે વિનમ્ર છે, - એટલા બધા વિનમ્ર કે કશું જ એવું હોઈ ન શકે. તેઓ પોતાને વિશે અહોભાવમાં રત નથી : જો કે તેઓ સર્વ છે, છતાંય પોતે જે નથી તેમાં પોતાને શોધવા નિરંતર મથે છે; અને તેથી કરીને આ જે પ્રાકૃતિક જગત, જે પ્રકાંડ ભાવે પોતે નથી તે જણાય છે, તેને તેમણે પોતાની સત્તામાં સર્જ્યું છે.

❀

સાચાને માટે, સુંદરને માટે, ઉમદાને માટે સ્વતઃસ્ફૂર્ત અહોભાવ હોય છે, એને લઈને કંઈક દિવ્ય અભિવ્યક્તિ થાય છે. જ્યારે તમારું હૃદય ઊછળીને જે કાંઈ દિવ્યમૂલક છે એમ લાગતાં તમે તેને પૂજો છો, તેને માટે અહોભાવ પ્રગટ કરો છો, ત્યારે તમારે નિશ્ચિત જાણવું જોઈએ કે તમારામાં રહેલો ચૈત્ય પુરુષ, આત્મા, તમારી ભૌતિક ચેતનાની સાથે સંસ્પર્શમાં આવતો હોય છે.......

મને એવો પ્રસંગ યાદ આવે છે કે નાનાં બાળકોને, નાનાં ભૂલકાંઓને કંઈક અત્યંત સુંદર, અત્યંત સરળ કરતાં જોતી ત્યારે મારી આંખોમાં આંસુ આવતાં. એ આનંદને અનુભવો, તમારી વચ્ચે ભગવાનની હાજરીથી તમે કંઈક મેળવવા શક્તિમાન થશો.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ-૩, પૃ. ૧૮૯, ૧૭૨ અને ૧૭૩)

# માત્ર વિનમ્રતા પૂરતી નથી

પ્રભુ સમક્ષ વિનમ્રતા ધારણ કરવી એ આધ્યાત્મિક જીવન માટેની અનિવાર્ય યોગ્યતા છે; આધ્યાત્મિક ગર્વ, ઘમંડ, અથવા તે મિથ્યાભિમાન અને સ્વ-નિશ્ચિંતતા હંમેશા નીચેની દિશામાં ઘસડી જાય છે. પરંતુ પ્રભુમાં વિશ્વાસ અને પોતાના આધ્યાત્મિક ભાવિમાં શ્રદ્ધા (એટલે, ''મારું હૃદય અને મારો આત્મા જ્યારે પ્રભુની ઝંખના કરે છે ત્યારે એક દિવસ પ્રભુને પ્રાપ્ત કરવામાં મને સફળતા મળશે જ) ખૂબ જરૂરી છે, કારણ કે માર્ગમાં મુશ્કેલીઓ રહેલી જ છે''.

❋ ❋ ❋

આધ્યાત્મિક વિનમ્રતા ખૂબ જરૂરી છે; પરંતુ મને લાગતું નથી કે બાહ્ય રીતનું વિનમ્રતાનું પ્રદર્શન સલાહભરેલું છે (અલબત્ત બીજાઓ સાથેના બાહ્ય વ્યવહારમાં ગર્વ, ઘમંડ અને મિથ્યાભિમાન ન હોવાં એ અનિવાર્ય છે) – બાહ્ય પ્રદર્શન મોટે ભાગે ગર્વ ઉત્પન્ન કરે છે; એક પ્રકારનો શિષ્ટાચાર બની રહે છે અને સમય જતાં બિનઅસરકારક પુરવાર થાય છે. લોકોને ગર્વમુક્તિ માટે બાહ્ય રીતનું વિનમ્રતાનું પ્રદર્શન કરતા મેં જોયા છે; પણ એ રીતનું પ્રદર્શન ટકાઉ પરિણામ આપતું હોય એવું મારા જોવામાં આવ્યું નથી.

❋ ❋ ❋

સાધકે જેની અભીપ્સા સેવવાની છે, એ છે પ્રભુ પરત્વેનું પૂરેપૂરું ખુલ્લાપણું, પોતાની ચેતનાનું ચૈતસિક પરિવર્તન, આધ્યાત્મિક પરિવર્તન. ચેતનાના એ પરવિર્તનનાં ઘટક તત્ત્વો છે : નિઃસ્વાર્થીપણું, કામના રહિતતા, વિનમ્રતા, ભક્તિ, સમર્પણ, શાન્તિ, સમતા, અને સત્યનિષ્ઠા.

❋ ❋ ❋

તમારા અહમ્‌ને જાગ્રત કરે એવા કોઈ પણ સૂચનથી તમારી જાતને બચાવતા રહો.... અહંકાર સાધનાનું મોટામાં મોટું જોખમ છે, અને કયારેય એને આધ્યાત્મિક રીતે વાજબી ઠરાવી શકાય નહિ.

**શ્રી અરવિન્દ**

(SABCL Vol-23, P-553, Vol-24, P-1387, Vol-23, P-504, Vol-23, P-1048)





# બે વસ્તુઓ જે આપણને તૈયાર કરે છે

**અહીં લખવામાં આવ્યું છે કે, આપણો એકમાત્ર હેતુ, લક્ષ્ય ભગવાન પોતે જ હોવો જોઈએ, કે જેની અભીપ્સા જાણ્યે કે અજાણ્યે એવું કાંઈક કે જે આપણા નિગૂઢ સ્વભાવમાં રહેલું છે એ અભીપ્સા કરી રહ્યું છે.**

**મધુર માતાજી, આ અભીપ્સા કરનારી કોઈક વસ્તુ એ શું છે ?**

તે અસ્તિત્વનો એક ભાગ છે જે દરેક જણમાં એક જ હોતો નથી, અને જે ચૈત્યિકની અસર પ્રત્યે સાહજિક વૃત્તિથી ખુલ્લો છે.

હંમેશાં અસ્તિત્વમાં એક ભાગ, કાંઈક એવું હોય છે, કેટલીક વાર તે તદ્દન આવૃત હોય છે, જેનાથી આપણે સભાન હોતા નથી, જે ચૈત્યિક પ્રત્યે વળેલું હોય છે અને તેની અસર ઝીલતું હોય છે. તે ચૈત્યિક ચેતના અને બાહ્ય ચેતના વચ્ચે દુભાષિયો છે.

દરેક જણમાં તે ભાગ એક જ કે સરખી વસ્તુ નથી, પણ ભિન્ન ભિન્ન હોય છે, તે વ્યક્તિના સ્વભાવમાં અથવા ચારિત્ર્યમાં એક એવું બિંદુ છે કે જેની દ્વારા તે ચૈત્યિકનો સ્પર્શ કરી શકે છે અને જ્યાં તે ચૈત્યિકની અસરને ઝીલી શકે છે. તેનો આધાર માણસો પર છે, દરેક જણ માટે તે ભિન્ન ભિન્ન છે, દરેક જણમાં આવું બિંદુ હોય છે.

તમને એવી પણ લાગણી થાય કે, અમુક વસ્તુઓ તમને ઓચિંતી ધકેલી રહી છે, તમારી જાતથી ઊર્ધ્વમાં ઉઠાવી રહી છે, કોઈક મહત્તર વસ્તુ પ્રત્યે દ્વાર ખોલી રહી છે. તે ઘણી વસ્તુઓ હોઈ શકે, તેનો આધાર દરેક માણસના સ્વભાવ પર છે. તે અસ્તિત્વનો એક એવો ભાગ છે કે જે કોઈ વસ્તુ માટે ઉત્સાહ ધરાવે છે, તે આ ઉત્સાહ માટેની શક્તિ છે.

બે મુખ્ય વસ્તુઓ છે. એક આ ઉત્સાહ માટેની શક્તિ, જે માણસને પોતાની મહત્તર અથવા ન્યૂનતર જડતામાંથી બહાર લાવે છે, જેથી તે પોતાની જાતને વત્તી-ઓછી સમગ્ર રીતે તેને ઉત્સાહ આપનારી વસ્તુમાં ફેંકી શકે. દા.ત. કલાકાર પોતાની કલા માટે, વૈજ્ઞાનિક પોતાના વિજ્ઞાન માટે. સામાન્ય રીતે, દરેક સર્જકમાં, નિર્માણકારમાં એક ખાસ શક્તિનું, ખાસ શક્યતાનું ખુલ્લાપણું હોય છે, જે તેનામાં ઉત્સાહ ઉત્પન્ન કરે છે. જ્યારે તે સક્રિય હોય

છે, ત્યારે તેના અસ્તિત્વમાં કાંઈક જાગૃત થાય છે, અને નિર્માણ થતી વસ્તુમાં તેનું લગભગ સમગ્ર અસ્તિત્વ ભાગીદાર બનતું હોય છે.

કેટલાક લોકોમાં આભાર-વૃત્તિની સાહજિક શક્તિ હોય છે; સમગ્ર જીવનની, સૂક્ષ્મથી સૂક્ષ્મ તત્ત્વની, જીવનની નાનામાં નાની ઘટનાની પીઠમાં એક ચમત્કારની પેઠે સંતાઈ રહેલું જે તેમને લાગે છે તેના પ્રત્યે હૃદયની ઉષ્ણતા, ભક્તિ, આનંદ સાથે પ્રત્યુત્તર આપવાની ઉત્કટ જરૂરિયાત તેમનામાં હોય છે. તેઓ સર્વ વસ્તુઓની પીઠમાં રહેલા પરમ સૌન્દર્યને અથવા અનંત કૃપાને અનુભવે છે.

મેં એવા કેટલાક માણસોને જોયા છે, જેમને કશાનું જ્ઞાન ન હતું, જેઓ લગભગ અભણ હતા, જેમનાં મન તદ્દન સામાન્ય પ્રકારનાં હતાં, અને છતાં જેમનામાં આ આભાર-વૃત્તિની, હૃદયની ઉષ્માની શક્તિ હતી, જે પોતાની જાતને આપી દે છે, સમજે છે, અને આભાર માને છે.

તેવા લોકો માટે ચૈત્યિક સાથેનો સંપર્ક વારંવાર થતો, લગભગ સતત રહેતો, અને તેટલા પ્રમાણમાં તેનાથી તેઓ સભાન બની શકતા, બહુ નહિ તો થોડા સભાન; તેમને એમ લાગતું કે પોતે ખેંચાઈ રહ્યા છે, કશુંક તેમને મદદ કરી રહ્યું છે, પોતાથી ઊર્ધ્વમાં ઉઠાવી રહ્યું છે.

અ બે વસ્તુઓ લોકોને વધારેમાં વધારે તૈયાર બનાવે છે. જન્મથી જ તેમનામાં આ બેમાંની એક વસ્તુઓ હોય છે; જો તેઓ પ્રયત્ન કરે, તો ધીમે ધીમે વિકાસ કરે છે, વૃદ્ધિ પામે છે.

અમે કહીએ છીએ કે ઉત્સાહ માટેની શક્તિ, જે કોઈક વસ્તુ તમને તમારી દુઃખી અને અધમ અહંતામાંથી બહાર કાઢે છે તે ઉદાર આભાર-વૃત્તિ, જે પણ પોતાની જાતને નાનકડી અહંતામાંથી આભાર પ્રગટ કરવામાં બહાર ફેંકે છે, આ બે વસ્તુઓ પોતાના ચૈત્યિક અસ્તિત્વમાં ભગવાન સાથે સંપર્ક સાધવાનાં સૌથી વધારે શક્તિશાળી ઉચ્ચાલન બિંદુઓ છે. તે ચૈત્યિક અસ્તિત્વ સાથે સંપર્ક સાધવામાં એક સૌથી વધારે ખાતરીભરી કડી છે.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ-૭ - પૃ - ૪૧૧ થી ૪૧૩)



# વિદ્યાર્થીના પ્રશ્નોના શ્રી માતાજીએ આપેલા ઉત્તર

**પ્રશ્ન** : અંધકાર, અંધકાર તું દૂર થઈ જા ! હે મા, તમે અહીં હાજર નથી ?

**ઉત્તર** : હું અહીં જ છું. ગમે તેવા અંધકારને ઓગાળી નાખવા માટે જરૂરી એવા સર્વ પ્રકાશ સાથે તારી ઉપર એકાગ્રતા કરી રહી છું. એ પ્રકાશને ગ્રહણ કરવો કે નહિ તે તારે નક્કી કરવાનું છે.

**પ્રશ્ન** : મારે કયો માર્ગ અપનાવવો જોઈએ અને પ્રયત્ન કરવા માટેની યોગ્ય અને સાચી રીત કઈ ?

**ઉત્તર** : ગઈ કાલે મેં જે સમજાવ્યું હતું તે મુજબ કર - નિયમિતપણે અને પદ્ધતિસરના અભ્યાસ દ્વારા તારું મગજ કાર્ય કરે એમ થવા દે; અને પછી જે કલાકો દરમિયાન તું અભ્યાસ ન કરતો હોય, તે સમયે તારું મગજ અગાઉ પૂરતું કાર્ય કર્યું હોવાથી, આરામ કરી શકશે અને તું તારા હૃદયના ઊંડાણમાં એકાગ્રતા કરી શકીશ તથા ચૈત્ય સ્રોતને પ્રાપ્ત કરી શકીશ. અને એમ થતાં જ તું કૃતજ્ઞતા તેમ જ સાચા આનંદ વિશે સભાનતા કેળવી શકીશ.

હવે મને ખબર પડી કે તારામાંના અંધકારને દૂર કરી દેવા છતાં એ અંધકાર ફરી પાછો તારી પાસે કેમ આવી જાય છે. એનું કારણ એ છે કે તારી અંદર કૃતજ્ઞતાની ભાવના જાગ્રત થઈ જ નથી.

**પ્રશ્ન** : મને લાગે છે કે મારી અંદરનું કંઈક ઈશ્વરની કરુણામાં માન્યતા ધરાવતું નથી, અને એ 'કંઈક' જ કૃતજ્ઞતાના ભાવને અટકાવે છે.

**ઉત્તર** : સ્પષ્ટપણે.

**પ્રશ્ન** : શરૂઆતમાં મને આપને માટે ખૂબ જ પ્રેમની લાગણીનો અનુભવ થતો હતો, પરંતુ હવે મારો પ્રેમ વધુ સ્વાર્થી બની ગયો છે.

**ઉત્તર** : હા, એ એમ જ છે. તારા સમર્પણમાં તું સોદાબાજી કરવાનું શરૂ કરી દીધું. અને એને કારણે પ્રેમની લાગણીનો સ્રોત સુકાઈ ગયો. પરંતુ તું જે સમર્પણ કરે છે એના બદલામાં કશું પણ ન માગવાનો નિશ્ચય જો તું કરે તો થોડા સમયમાં જ પ્રેમના અજોડ આનંદને તું પુનઃ પ્રાપ્ત કરી શકીશ.

**પ્રશ્ન** : શું એ શક્ય છે કે સ્વાર્થી પ્રેમ સાથે આપની નજીક રહી શકાય ?

**ઉત્તર** : જ્યાં સુધી પ્રકૃતિનું પૂરેપૂરું રૂપાંતર સિદ્ધ ન થાય ત્યાં સુધી હંમેશા મિશ્રણ રહેવાનું - એમાં સારું ને નરસું સાથોસાથ રહેતું હોય છે. માટે જ્યાં સુધી રૂપાંતર સિદ્ધ ન થાય ત્યાં સુધી મારી સમક્ષ આવનાર સૌ કોઈની અંદર અહંકારનું મિશ્રણ રહેવાનું જ.

**પ્રશ્ન** : મારી બધી ખોટી ક્રિયાઓ વિશે હું સભાન છું પરંતુ કમનસીબે હું એના પર નિયંત્રણ મૂકી શકતો નથી. અને આ જ વસ્તુ મને નિરાશ કરી દે છે.

**ઉત્તર** : ચિંતા ના કર - વિશ્વાસ રાખ; અવિશ્વાસ જ તારી ચેતનાને આચ્છાદિત કરી દે છે.

**પ્રશ્ન** : માતાજી, મારો પ્રેમ શુદ્ધ અને ચૈતસિક હું કેવી રીતે કરી શકું એ મને શીખવાડો.

**ઉત્તર** : તારી જાત વિશે વિચાર કરવાનું બંધ કરી દે.

**પ્રશ્ન** : હું મૌન જાળવી શકું, એકાન્તમાં સરી જાઉં, એમ થવા દો.

**ઉત્તર** : તારા મનને શાન્ત કરી દે, તારા ચૈત્યપુરુષના એકાન્તમાં સરી જા અને તું મને ત્યાં જોઈ શકીશ.

**પ્રશ્ન** : આપ મને મનને શાન્ત કરી દેવા તથા ચૈત્યપુરુષના એકાન્તમાં સરી જવા જણાવો છો, પરંતુ હું એ કેવી રીતે કરી શકું ? માત્ર આપ જ મને એ અવસ્થામાં મૂકી આપી શકો.

**ઉત્તર** : આ સંપૂર્ણતયા તામસિક પ્રત્યુત્તર છે. મારી ચેતના હંમેશા સક્રિય હોય છે, પરંતુ તારા તરફથી તારે પોતે તારો સંકલ્પ મૂકી પ્રયત્ન કરવો જોઈએ.

**પ્રશ્ન** : આપને શોધી નાખવા માટે પ્રયત્ન કેવી રીતે કરવો એ મને શીખવો.

**ઉત્તર** : તારે તારા સંકલ્પનો ઉપયોગ કરવો જ જોઈએ.

(CWM - Vol-17, PP 98-101)



# કૃતજ્ઞતાની અભિવ્યક્તિ માટેની શ્રેષ્ઠ રીત

**પ્રશ્ન** : મધુર માતાજી, મનુષ્ય પરત્વે અને ઈશ્વર પરત્વે પોતાની કૃતજ્ઞતા અભિવ્યક્ત કરવા માટેની શ્રેષ્ઠ રીત કઈ છે ?

**ઉત્તર** : તમે મનુષ્ય અને ઈશ્વરને સાથે શા માટે મૂકો છો ?

એ સાચું છે કે મનુષ્ય તત્ત્વાંશે ઈશ્વર જ છે. પરંતુ હાલ, બહુજ થોડા વિરલ અપવાદ સિવાય, મનુષ્ય પોતાની અંદર જે ઈશ્વરને ધારણ કરી રહ્યો છે, તેના વિશે સંપૂર્ણપણે બેભાન છે; અને આ બેભાનપણું ભૌતિક જગતના જૂઠાણાનું નિર્માણ કરે છે.

મેં તને લખી જણાવ્યું છે કે આપણી કૃતજ્ઞતા ઈશ્વર પરત્વે જ પ્રકટ થવી જોઈએ અને મનુષ્યો સાથે આપણે સદ્ભાવ, સમજશક્તિ અને મદદનું વલણ અપનાવવું જોઈએ.

હૃદયપૂર્વક, ઉત્કટભાવે અને હંમેશા ઈશ્વર પરત્વે સંપૂર્ણ કૃતજ્ઞતાની લાગણી અનુભવવી એ સુખી થવા તથા શાન્ત બની રહેવા માટેની શ્રેષ્ઠ રીત છે. અને ઈશ્વર પરત્વે કૃતજ્ઞતાનો ભાવ અભિવ્યક્ત કરવાની એકમાત્ર સાચી રીત એ જ છે કે ઈશ્વર સાથે એકરૂપ બની જવું.

❋ ❋ ❋

આપણી કૃતજ્ઞતાની લાગણી અભિવ્યક્ત કરવા માટે જે શ્રેષ્ઠ વસ્તુ આપણે કરી શકીએ તે છે આપણી અંદર રહેલા અહંકારથી મુક્ત થઈ આ રૂપાંતર માટે સતત પ્રયત્નશીલ રહેવું. માનવ અહંકાર પોતાનો પ્રભાવ જતો કરવાનો ઈન્કાર કરે છે અને એમ કરવા માટેનું કારણ એ આપે છે કે બીજા લોકોનું રૂપાંતર હજુ થયું નથી. પરંતુ એ વલણ તો દુર્ભાવનાના મજબૂત ગઢ સમાન છે. પ્રત્યેક વ્યક્તિની ફરજ એ બને છે કે બીજાઓ શું કરે છે એની પરવા કર્યા વિના પોતાનું રૂપાંતર કરવા પ્રયત્ન કરવો.

માણસોને જો એ સમજ પ્રાપ્ત થઈ જાય કે આ રૂપાંતર, અહંભાવનો નાશ એ જ એકમાત્ર માર્ગ છે અખંડ શાન્તિ અને આનંદ પ્રાપ્ત કરવાનો તો પછી તેઓ

આ રૂપાંતર માટે જરૂરી પ્રયત્ન કરવાની સંમતિ આપશે. તો પછી આ ખાતરી, આ નિષ્ઠા, માણસોમાં જાગૃત થવી જોઈએ.

દરેક વ્યક્તિને વારંવાર એવું જણાવવામાં આવવું જોઈએ કે : તમારા અહંકારને દૂર કરો અને તમારી અંદર શાન્તિનું સામ્રાજ્ય સ્થપાઈ જશે.

ઈશ્વરની સહાય હંમેશા નિષ્ઠાપૂર્વકની અભીપ્સાને પ્રતિભાવ આપે જ છે.

❊ ❊ ❊

પ્રભુ, પરમ સત્ય,

અમે તને જાણવાની અને તારી સેવા કરવાની અભીપ્સા સેવીએ છીએ.
અમે તારા લાયક સંતાન બની રહીએ એ માટે અમારી મદદ કર. અને એને માટે તારા હંમેશના આશીર્વાદ વિશે અમને સભાન બનાવ, જેથી અમારાં હૃદય કૃતજ્ઞતાના ભાવથી સભર બને અને એ ભાવ અમારા જીવનોનું નિયમન કરે.

❊ ❊ ❊

પોતાના જ સંકલ્પ વડે દોરાનાર વ્યક્તિ કૃતજ્ઞી હોઈ શકે નહિ. કારણ કે એણે જેની ઇચ્છા કરી હોય એ જ વસ્તુ એને પ્રાપ્ત થઈ જાય ત્યારે એનો યશ એ પોતાની સંકલ્પ શક્તિને આપે છે અને એને ન જોઈતી વસ્તુ જ્યારે એને મળે ત્યારે એ તે વસ્તુ માટે ખરાબ રીતે અણગમો વ્યક્ત કરે છે અને દોષનો ટોપલો એ જેને તે ખરાબ વસ્તુ માટે જવાબદાર ગણતો હોય છે - પ્રભુ, મનુષ્ય કે પ્રકૃતિ - એના પર ઢોળી દેતો હોય છે.

**કૃતજ્ઞતા :** તું જ બધા બંધ દરવાજાઓ ખોલી આપે છે અને તારણહાર એવી કૃપાને ઊંડે સુધી ઉતારી લાવે છે.

**શ્રીમાતાજી**

(CWM - Vol-16 P-135, 426, Vol-17, P-377, Vol-14, P-163, and 164).





# કર્મ અનિવાર્ય છે

જો તમે કશું જ ન કરો, તો તમને કોઈ અનુભવ પ્રાપ્ત થાય નહિ. સમગ્ર જીવન એ અનુભવનું ક્ષેત્ર છે. તમે જે કોઈ ગતિ, વિચાર અને કાર્ય કરો છો, તે અનુભવ બની શકે, તેણે અનુભવ બનવું જ જોઈએ. સ્વાભાવિક રીતે જ કાર્ય અનુભવનું એક ક્ષેત્ર છે, જેમાં માણસે પોતે અંદર જે પ્રગતિ સાધવા પ્રયાસ કર્યો હોય છે તે પ્રગતિને લાગુ પાડવી જોઈએ.

જો તમે કાર્ય કર્યા સિવાય ધ્યાનમાં કે ચિંતનમાં જ રહો, તો તમે પ્રગતિ કરી છે કે નહિ તે જાણી શકો નહિ; તમે તમારી પ્રગતિ કર્યાની ભ્રાન્તિમાં રહો. પણ જો તમે કાર્ય કરવાની શરૂઆત કરો, તો તમારા કાર્યના સર્વ સંયોગો, બીજાઓ સાથે સાધેલા સંપર્કો, ભૌતિક ધંધો, આ બધું અનુભવનું ક્ષેત્ર બની જાય છે, જેને પરિણામે તમે સાધેલી પ્રગતિને અને હજી બાકી રહેલી પ્રગતિને જાણી શકો છો. જો તમે કાર્ય કર્યા સિવાય તમારી જાતમાં પુરાયેલા જ રહો, તો તમે એક પરિપૂર્ણ વિષયીગત ભ્રાન્તિમાં જીવો. જે ક્ષણે તમે તમારી જાતનું બાહ્યીકરણ કરો છો, બીજાઓ સાથે, સંજોગો સાથે જીવનના પદાર્થો સાથે સંપર્કમાં આવો છો, ત્યારે તમે વિષયગત રીતે પરિપૂર્ણ રીતે સભાન બનો છો કે મેં પ્રગતિ કરી છે કે નહિ; હું વધારે શાન્ત, સભાન, બળવાન, નિઃસ્વાર્થ બન્યો છું કે નહિ, હવે તમારામાં કોઈ કામના, પસંદગી, નિર્બળતા, બિનવફાદારી રહ્યાં છે કે નહિ, કાર્ય કરવા વડે જ તમે આ બધાંથી સભાન બનો છો. પણ જો તમે માત્ર અંગત ધ્યાનમાં જ પુરાયેલા રહો, તો તમે એક સમગ્ર ભ્રાન્તિમાં પ્રવેશો અને તેમાંથી કદી પણ બહાર ન આવો, અને એમ માની લો કે મેં અસાધારણ વસ્તુઓ સિદ્ધ કરી છે, પણ સાચી રીતે જોતાં તમને તેમ કર્યાની એક ભ્રાન્તિ માત્ર હોય છે.

**નવેમ્બર, ૨૮ ૧૯૧૨ : પ્રાર્થનાઓ અને ધ્યાન**

આપણું બાહ્ય જીવન, આપણા પ્રત્યેક દિવસની અને પ્રત્યેક પળની પ્રવૃત્તિ એ શું આપણા ધ્યાન અને ચિંતનના કલાકોની અનિવાર્ય એવી પૂર્તિ જેવાં જ નથી ? અને ધ્યાન તથા કર્મો પાછળ આપણે જે પ્રમાણમાં વખત

આપીએ છીએ તે જ પ્રમાણ સાધના અને સાક્ષાત્કાર માટે લેવા પડતા શ્રમની વચ્ચે પણ શું નથી હોતું ? કારણ કે ધ્યાન, ચિંતન, મિલન એ તો આપણને આવી મળતું પરિણામ છે-ખીલી ઊઠતું પુષ્પ છે; રોજેરોજની પ્રવૃત્તિ એ તો એક એરણ જેવી છે, કે જેના ઉપર તમામ તત્ત્વોને એકેએક કરીને ધરી દેવાનાં રહે છે, અને એ રીતે ચિંતન એમના માટે જે પ્રકાશ મેળવી આપે છે તે માટે તેમને વિશુદ્ધ કરવાનાં છે, સંસ્કારવાનાં છે, સૂક્ષ્મ અને પક્વ કરવાનાં છે. પૂર્ણ વિકાસને માટે બાહ્ય પ્રવૃત્તિની જરૂર ન રહેવા પામે તે પૂર્વે આ બધાં તત્ત્વોને આ રીતે એક પછી એક કસોટીમાંથી પસાર કરવાનાં જ રહે છે. એ પછી આ પ્રવૃત્તિ તારો આવિર્ભાવ કરવા માટેનું સાધન બની રહે છે અને તે દ્વારા ચેતનાનાં બીજાં કેન્દ્રોને ઘડતરના અને પ્રકાશપ્રાપ્તિના એક જ બેવડા કાર્યને માટે જાગૃત કરવામાં આવશે. આટલા માટે અભિમાન અને આત્મસંતોષ એ સૌથી ખરાબમાં ખરાબ વિઘ્નો છે. આપણે બહુ જ વિનમ્રપણે આપણને મળતી એકેએક નાનામાં નાની તકનો લાભ ઉઠાવી લેવાનો છે અને એ દ્વારા આપણામાં રહેલા અનેક તત્ત્વોમાંથી કેટલાંકને ગૂંદવાનાં અને વિશુદ્ધ કરવાનાં છે, એમને મુલાયમ કરવાનાં છે, બિનઅંગત કરવાનાં છે, એ પોતાની જાતને ભૂલી જતાં શીખે, ત્યાગ અને ભક્તિ તથા માયાળુતા અને નમ્રતા શીખે એમ કરવાનું છે; અને જ્યારે સ્વરૂપના આ બધા ભાવો આ તત્ત્વોને માટે સ્વાભાવિક બની જાય ત્યારે પછી તેઓ ચિંતનમાં ભાગ લેવા માટે અને એ પરમ એકાગ્રતામાં તારી સાથે પોતાને એકરૂપ કરવા તૈયાર બને છે, એટલા માટે મને લાગે છે કે ઉત્તમોત્તમ વ્યક્તિઓ માટે પણ આ કાર્ય લાંબું અને ધીમું રહેવાનું અને એકદમ થઈ જતાં પરિવર્તનો સર્વાંગીણ બની શકે તેમ નથી. એ પરિવર્તનો સ્વરૂપની અવસ્થા રચનાને બદલી આપે છે, સ્વરૂપને નિશ્ચિત રીતે સીધા માર્ગ ઉપર મૂકી આપે છે; પરંતુ વ્યક્તિએ સાચી રીતે લક્ષ્યની સિદ્ધિ મેળવવી હશે તો તેણે હરેક પ્રકારના અને હરેક પળના અનુભવો મેળવવાની જરૂર રહે છે. તેમાંથી તે છટકી જઈ શકશે નહિ.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ-૭ પૃ-૨૯૫-૯૬, ગ્રંથ-૧ પૃ. ૫-૬)



# કર્મ કરવાની યોગ્ય રીત

જો તમે તમારે કરવાનું કામ કરી રહ્યા હો ત્યારે - પછી એ ગમે તે હોય, એ કામ ગમે તે પ્રકારનું હોય - તમે એ કામ કરતા જાઓ અને એ કામ કરતાં કરતાં તમે પ્રભુને વિસરી ન જવાય તેની કાળજી રાખતા રહો, તમે જે કાંઈ કરતા હો તે એને અર્પણ કરતા રહો અને તમારી જાતનું પણ તેને અર્પણ કરી દો, કે જેથી એ તમારામાંના સર્વ પ્રતિકાર્યોનું પરવિર્તન કરી નાખે-જેને લઈને તમારાં પ્રતિકાર્યો, સ્વાર્થમૂલક, ક્ષુદ્ર, મૂર્ખતાપૂર્ણ અને અજ્ઞાની રહેવાને બદલે એ તેમને પ્રકાશપૂર્ણ, ઉદાર બનાવી દે, - તો, એ રીતે તમે પ્રગતિ કરી શકશો. કેવળ તમે એકલા તમારી જાતની પ્રગતિ સિદ્ધ નહિ કરો, પણ તમે એ રીતે સામાન્ય જગતની પ્રગતિમાં પણ સહાય કરશો. મેં કદી એવા લોકો જોયા નથી જેઓએ ઓછાવત્તા અંશે શૂન્યકારવાળું (કારણ કે ખરેખર, એ ઘણુંખરું શૂન્યકારમય જ હોય છે) ધ્યાન ધરવા બેસી જવા માટે સર્વ કાંઈનો ત્યાગ કર્યો હોય : મેં એવા લોકોએ કશી પ્રગતિ કરી હોય એવું જોયું નથી, અથવા ગમે તેમ તો ય, તેમની પ્રગતિ ઘણી ઓછી હોય છે. મેં એવા લોકો પણ જોયા છે, જેઓ કોઈ યોગ કરતા હોવાનો દાવો કરતા ન હતા; જેઓ કેવળ પૃથ્વી ઉપર પ્રગતિ થાય, અને પ્રભુનું અવતરણ થાય તે માટેના ઉત્સાહથી સભર ભરેલા હતા, અને એ લોકો પોતાનું નાનકડું કામ, હૃદયના ઉત્સાહપૂર્વક કર્યે જતા હતા, પોતાની જાતનું સર્વાંશે સમર્પણ કરી રહ્યા હતા, પોતાને માટે કાંઈ બાકી રાખતા નહિ, વ્યક્તિગત મોક્ષનો પણ એ લોકો વિચાર કરતા નહિ. એવા લોકોને મેં ભવ્યપણે પ્રગતિ કરતા જોયા છે, એમની પ્રગતિ સાચે જ ભવ્ય હતી.

**શ્રી માતાજી**

❋ ❋ ❋

તમે આંતરિક એકાગ્રતાની અવસ્થામાં હો ત્યારે જ નહિ પરંતુ તમારા બાહ્ય કર્મોની મધ્યમાં અને તમારી બાહ્ય ક્રિયાઓમાં પણ તમારે સાચું વલણ અપનાવવું જોઈએ. તમે જો સાચું વલણ અપનાવો અને દરેક કાર્યને શ્રી

માતાજીની દોરવણી હેઠળ મૂકી દો તો તમને જણાશે કે મુશ્કેલીઓ ઓછી થવા લાગી છે અને સહેલાઈથી દૂર થવા લાગી છે અને આમ સતત વસ્તુઓ સરળ થતી જાય છે.

તમારાં કર્મ અને ક્રિયાઓમાં તમારે, એકાગ્રતામાં તમે જે કરતા હો છો તે જ કરવાનું રહે છે. શ્રી માતાજી પ્રત્યે ખુલ્લા થાવ, તમારાં કર્મ અને ક્રિયાઓને એમની દોરવણી હેઠળ મૂકી દો, શાંતિનું આવાહન કરો. આધાર આપતી શક્તિનું, રક્ષણનું આવાહન કરો અને એ શાંતિ તેમ જ શક્તિ તમારી અંદર કાર્ય કરી શકે એ માટે બધી ખોટી અસરો - કે જે ખોટી, અસાવધ અને અભાન ક્રિયાઓ ઉત્પન્ન કરીને અંતરાય ઊભો કરવા આવતી હોય છે - નો ત્યાગ કરો.

આ સિદ્ધાંતનું અનુસરણ કરો અને તમારું સમગ્ર સ્વરૂપ એક સત્તા હેઠળ, પ્રકાશ, અને રક્ષણ આપનારી શક્તિમાં એક બની રહેશે.

❋ ❋ ❋

એ સાચું છે કે તમારા પોતાના પ્રયત્નો સિવાય પણ ઈશ્વરની શક્તિ અસરકારક રીતે કાર્ય કરી શકે છે. એ શક્તિને પોતાના કાર્ય માટે તમારા પ્રયત્નોની નહિ, તમારી સહમતીની જ જરૂર હોય છે.

❋ ❋ ❋

હા, યોગનું એ પણ એક લક્ષણ છે કે સાચી નિષ્ક્રિયતા દ્વારા પોતાની મર્યાદિત સત્તા કરતાં વધુ મહાન સત્તા પ્રત્યે વ્યક્તિ પોતાની જાતને ખુલ્લી કરે છે. અને આ અવસ્થા પ્રાપ્ત કરવા પૂરતું જ પ્રયત્નોનું પ્રયોજન રહે છે.

**શ્રી અરવિન્દ**

(શ્રી માતૃવાણી ગ્રંથ-૫ પૃ-૧૩૪-૩૫ -SABCL -Vol-25 P-206, Vol-23, P-697)



Appendix - 1

## Sri Aurobindo Society : Objectives

Excerpts from the Society's Memorandam of Association signed by the Mother on 19th September 1960 :

3. The Society is established for the purpose of carrying out the following objects in and outside India :

(a) To make known to the members and people in general the aims and ideals of Sri Aurobindo and the Mother, their system of integral Yoga and to work for its fulfilment in all possible ways and for the attainment of a spiritualised society as envisaged by Sri Aurobindo;

(b) To train selected students and teachers from all over the world in the integral system of education i.e. spiritual, psychic, mental, vital and physical;

(c) To help in cash and/or kind by way of donations, gifts, subsidies and also in other ways in the all-round development of Sri Aurobindo International Centre of Education and to help similar centres of Education;

(d) To establish study groups, libraries, Ashrams and other institutions, centres, branches and societies for study and practice of Integral Yoga of Sri Aurobindo and the Mother and to help the existing ones;

(e) To establish centres of Physical culture, sports and volunteer organisations for inculcating and promoting the spirit of discipline, co-operations and service to others and to undertake activities for promotion of health and bodily perfection;

(f) To organize, encourage, promote and assist in the study, research and pursuit of Science, Literature and Fine Arts;

(g) To help, contribute, promote, take over, affiliate or amalgamate wholly or partially with any other Society, trust, body or institution whether incorporated, registered or not having objects similar to those of the Society;

(h) To print, publish, sell and distribute either free or for price, books, periodicals, bulletins, journals and other literature for the promotion of the objects of the Society and in furtherance thereof to produce, distribute and exhibit films;

# આધ્યાત્મિક સમાજ

**(શ્રી અરવિન્દ દર્શન મુજબ)**

આ રીતે આપણું અંતિમ ધ્યેય, વ્યક્તિ માટે કે સમૂહલક્ષી માનવ માટે પૂર્ણતાની આપણી કેવળ આશા આધ્યાત્મિકતામાં રહી છે. પાર્થિવ જગત અને તેનાં કાર્યોમાંથી પોતાના સ્વતંત્ર સંતોષ માટે દૂર જાય છે એવો આત્મા નહિ પરંતુ મહત્તર આત્મા જે જગતથી પર જાય છે, છતાં પાર્થિવ જીવનને આવકારે છે અને પરિપૂર્ણ કરે છે. મનુષ્યના બૌદ્ધિક, સૌન્દર્યાત્મક, નૈતિક, પ્રાણલક્ષી સિદ્ધાંત, દૈહિક વલણ, જ્ઞાન પ્રાપ્ત કરવાની તેની અભીપ્સા, સૌન્દર્ય તરફ તેનું આકર્ષણ, પ્રેમની તેની જરૂરિયાત, પૂર્ણતા પ્રતિ તેની ઝંખના, સામર્થ્ય માટે જીવન અને અંતરતત્ત્વની તેની માગણી એ સર્વનો આધ્યાત્મિકતામાં સમાવેશ થાય છે. આધ્યાત્મિક્તા પ્રતિકૂળ પરિબળોમાં તેમના ઐશ્વર્યની ભૂમિકા અને દિવ્ય સમજ પ્રગટ કરશે, પ્રત્યેકને એકબીજા સામે સમન્વયિત કરશે, હાલ એ આંધળી રીતે કે દોષિત દૃષ્ટિથી પડછાયાઓ અને આછા અજવાળામાં ગતિ કરે છે તે માર્ગોને યોગ્ય દર્શન પ્રતિ પ્રજ્વલિત કરશે. આધ્યાત્મિકતા એ એવી શક્તિ છે જેને મનુષ્યનો વધુ પડતો આત્મ-પર્યાપ્ત તર્ક સ્વીકારી શકે અથવા સાર્વભૌમ તરીકે એક સમય સ્વીકારવા તૈયાર થઈ શકે અને પોતાના અનંત ઊગમને તેના ઉત્તમ તેજમાં નિહાળે. કારણ કે અંતે તાર્કિક અંતિમ પ્રક્રિયા તરીકે મનુષ્ય વ્યક્તિગત અને સામાજિક પ્રયાસ આદરે છે તે સર્વની સિદ્ધિ અને અનિવાર્ય વિકાસ તરીકે નિશ્ચિત રીતે સ્વયં પ્રગટ થાય છે. જાતિમાં રહેલી અપરિપક્વ, અવિકસિત અને પ્રારંભિક આધ્યાત્મિકતાની સંતોષકારક ઉત્ક્રાંતિ એ એવી શક્યતા છે જેની જાગૃતિની પ્રથમ ઝાંખી આત્મનિષ્ઠાવાદના યુગમાં જોવા મળે છે. એ તરફ વળવા માટે આરંભની પ્રગલ્ભ સુપ્ત શક્તિ દર્શાવે છે. વ્યક્તિલક્ષી અને સમૂહલક્ષી આત્મતત્ત્વ અને જીવનની વધુ સૂક્ષ્મ, વ્યાપક, મહાન, વધુ આધ્યાત્મિક આત્મલક્ષી સમજૂતી અને તેની સમસ્યાઓના આખરી ઉકેલ માટે આધ્યાત્મિક સાધનો અને આધ્યાત્મિક પ્રકાશ પર વધતો જતો આધાર એ જ યથાર્થ સામાજિક પૂર્ણતાનો માર્ગ છે. અર્ધ આધ્યાત્મિક ધર્મગુરુ, સંત કે પયગંબર અથવા અપરિપક્વ ધર્મમતાગ્રહી નહિ પરંતુ વિકસિત આધ્યાત્મિક માનવનો પ્રભાવ, અંકુશ, સવિશેષ પ્રબળ નેતાગીરી અથવા સ્વતંત્ર શાસન એ જાતિ અને સમાજના દિવ્ય માર્ગદર્શન માટે આપણી આશા છે. વ્યક્તિગત



સંવાદિતા અને સમૂહલક્ષી સુખનું સામ્રાજ્ય કેવળ આધ્યાત્મિક સમાજ જ લાવી શકે. અથવા જે શબ્દોનો તર્ક અને વાસનાઓ દ્વારા ગેરઉપયોગ થઈ શકે તેમ છે અને છતાં અભિવ્યક્તિ માટે ઘણા ઉત્તમ જણાય છે એ પૃથ્વી પર ઈશ્વરનું સામ્રાજ્ય, અભિનવ પ્રકારનું દેવી શાસન જે મનુષ્યોના મન અને હૃદયમાં દિવ્ય તત્ત્વ દ્વારા માનવજાતિની સરકાર રચાશે ત્યારે જ વ્યક્તિગત સંવાદિતા અને સમૂહલક્ષી સુખ પ્રાપ્ત થશે.

❀

આધ્યાત્મિક સમાજ પોતાની પ્રવૃત્તિનો આરંભ જગતનાં ત્રણ સત્યોથી કરશે અને એ સત્યોને જીવનમાં સિદ્ધ કરવા પ્રયત્ન કરશે. એ ત્રણ સત્યો તે પ્રભુ, સ્વતંત્રતા, એકતા. વિશ્વની સારીય પ્રકૃતિ, આ ત્રણ સત્યોને તેમનાથી ઊલટાં તત્ત્વો દ્વારા છુપાવવાનો જાણે એક પ્રયત્ન ન હોય તેવું લાગે છે. અને તેથી એ સત્યો સામાન્ય માનવજાતિ માટે તો ખાલી શબ્દો જેવાં, માત્ર સ્વપ્ન જેવાં જ છે. આ ત્રણે તત્ત્વો-પ્રભુ, સ્વતંત્રતા, એકતા મૂળે તો એક જ વસ્તુ છે. તમને પ્રભુનો સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી સ્વતંત્રતા કે એકતા એ શું છે તે તમે સમજી શકવાના નથી. તમારું જે ઉત્તમોત્તમ સ્વરૂપ છે, તેમ જ પ્રાણીમાત્રનું પણ જે ઉત્તમોત્તમ સ્વરૂપ છે તે તો પ્રભુ છે. એ પ્રભુને તમે પ્રાપ્ત નહિ કરો ત્યાં સુધી તમને સ્વતંત્રતા અને એકતા પ્રાપ્ત થવાની નથી. આપણે પ્રભુને બાકી રાખીને, સ્વતંત્રતા અને એકતા નામે ઓળખાતી જે વસ્તુની આરાધના કરીએ છીએ તે તો માત્ર આપણી પરાધીનતાના તથા ભેદમયતાના જ વંધ્ય પ્રયત્નો છે. આ રીતે તો આપણી આ પરાધીનતા અને ભેદમયતા પોતાના જ કેન્દ્રની આસપાસ ગુલાંટો ખાતી રહીને પોતાની જાતમાંથી નાસી છૂટવાની મહેનત કરે છે. માણસ જ્યારે પ્રભુને જોઈ શકશે, તેને પ્રાપ્ત કરી શકશે, ત્યારે જ તેને સાચી સ્વતંત્રતા શું છે તે સમજાશે, ત્યારે જ તેને સાચી એકતા સિદ્ધ થશે, ન અન્યથા. પ્રભુ પોતે તો માનવ તેને જાણી લે એની જ રાહ જોતા બેઠેલા છે. પણ ગમ્મત એ છે કે માનવ પ્રભુને શોધવા માટે પ્રભુને મૂકી બીજે ફાંફાં મારી રહેલો છે, પ્રભુની પ્રતિમાઓ રચી રહેલો છે. માનવને એ ખબર નથી કે પોતાની આ બધી પ્રવૃત્તિ દ્વારા તેને પ્રભુનો નહિ પરંતુ તેના પોતાના મનોમય અહંનો, પ્રાણમય અહંનો જ ભેટો થતો રહે છે, એ પોતે આ બે જાતના અહંની પ્રતિમાઓ રચવામાં જ સફળ બને છે, અને એ અહંની જ તે આરાધના કરતો રહે છે. આ અહંકારની આરાધના જ્યારે બંધ થશે, ત્યારે જ તેને પોતાના આંતરિક તેમ જ બાહ્ય જીવનમાં આધ્યાત્મિકતા સિદ્ધ કરવાની ખરી તક પહેલી વાર મળશે. બેશક, આધ્યાત્મિકતાની સાધના માત્ર આટલામાં

જ પૂરી થતી નથી, તોપણ આટલું પણ જો માનવ કરી શકે તો તેને માટે તે સાધનાના આરંભ રૂપે તો બનશે જ. એમાંથી આધ્યાત્મિકતામાં દાખલ થવાનું માણસને કોઈ આંધળું ખોડીબારું નહિ પણ એક સાચો દરવાજો મળી આવશે.

આધ્યાત્મિક રૂપ બનેલો સમાજ તેની આધ્યાત્મિક વ્યક્તિઓની માફક અહંકારમાં નહિ પરંતુ આત્મામાં સ્થિર થશે, તે એક સામુદાયિક અહંકાર રૂપે નહિ પરંતુ સામુદાયિક આત્મા રૂપે જીવન ગાળશે. અહંપ્રધાન દૃષ્ટિમાંથી આ રીતે મુક્ત રહેવું એ આધ્યાત્મિક સમાજનું સૌથી પ્રથમ અને અત્યંત આગળ પડતું લક્ષણ હશે. પણ અહંકારનું આ નિર્મૂલન કેવી રીતે સધાશે ? એ માટે અત્યારે જે રીતની દૃષ્ટિ પ્રવર્તે છે તે મુજબનો માર્ગ નહિ લેવામાં આવે. અત્યારે તો એમ સૂચવવામાં આવે છે કે વ્યક્તિ પોતાની અંગત સંકલ્પશક્તિને સમાજની સંકલ્પશક્તિને ચરણે ધરી દે, પોતાની અભીપ્સાઓને સમાજનાં સામુદાયિક લક્ષ્યોમાં ભેળવી દે, પોતાના મહામૂલા વ્યક્તિત્વને સમાજના સામુદાયિક અહંકારની વેદી ઉપર બલિદાન કરી દે એ જ વ્યક્તિને માટે ઉત્તમોત્તમ જીવનમાર્ગ છે. આ કાર્ય કરવા માટે વ્યક્તિને સમજાવીને તૈયાર કરી શકાય અથવા તે સમજે નહિ તો તેના ઉપર પૂરું દબાણ પણ કરી શકાય એવી પણ હિમાયત કરવામાં આવે છે. અને આ દૃષ્ટિને અનુસરીને આજના માનવને, પ્રાચીનકાળના નરમેધના બલિની પેઠે, સામુદાયિક અહંકારની એક વિરાટ અને જુગુપ્સિત પ્રતિમા આગળ તેને આત્માનો વધ કરવા માટે હાંકી જવામાં આવી રહ્યો છે. આધ્યાત્મિક સમાજમાં વ્યક્તિને અહંમાંથી મુક્ત કરવા માટે આ પ્રમાણેની પદ્ધતિ અખત્યાર નહિ કરવામાં આવે. કારણ આ અત્યારે સ્વીકારાયેલી પદ્ધતિમાં એક નાનકડા અહંકારનું બલિદાન લઈ તેને સ્થાને એક ઘણા વિશેષ મહાન અહંકારને સ્થાપિત કરવામાં આવે છે. અને વ્યક્તિના અહંકાર કરતાં આ સામુદાયિક અહંકારમાં કોઈ વિશેષ ગુણ રહેલા છે કે તે વિશેષ ઉત્તમ છે તેવું લેશ પણ નથી. એ અહંકારની મહત્તા માત્ર તેના કદમાં જ છે. એ સામુદાયિક અહંકાર સમાજના સર્વ માણસોના એકત્રિત બનેલા અહંકારનું જ એક રૂપ છે. અને વ્યક્તિના અહંકાર કરતાં તે ઘણી વાર તો એક વિશેષ કલંકિત, વિશેષ કદરૂપું, વિશેષ જંગલી એવું તૂત છે. એવા દેવની ઉપાસના કદી ન થઈ શકે. આધ્યાત્મિક માનવ પોતાના અહંકારનું વિસર્જન કરીને જે આત્મતત્ત્વ શોધવા માગે છે તે તો એક નિરાળી વસ્તુ જ છે. એ આત્મતત્ત્વ સર્વ કોઈની અંદર એક જ રૂપે રહેલું છે, તેમ જ પ્રત્યેક વ્યક્તિની અંદર તે તેના પૂર્ણ રૂપે તેમ જ પૂરેપૂરું આવેલું છે. એ આત્મતત્ત્વમાં રહીને આધ્યાત્મિક



માનવ તે તત્ત્વની પૂર્ણતામાં વિકાસ પામવાને પ્રયત્ન કરે છે. અને આ વિકાસમાં એ વાત ધ્યાનમાં રાખવાની છે કે આ કાર્ય તે વ્યક્તિ તરીકે ટકી રહીને કરે છે. જો કે આ સાધના કરતાં તેની પ્રકૃતિ એક સર્વવ્યાપી વિશ્વરૂપતામાં તો પહોંચે જ છે તેમ જ તેની વ્યાપકતા સજ્ઞાન રીતની હોય છે. હિંદનાં પ્રાચીન શાસ્ત્રોમાં કહ્યું છે કે વિષ્ણુ પરમાત્મા બીજા યુગ ત્રેતામાં- શક્તિના યુગમાં રાજાની અંદર અવતરે છે, ત્રીજા દ્વાપરમાં-સમતુલાના યુગમાં તે કાયદો રચનાર, શાસ્ત્રકાર તરીકે અવતરે છે, અને સત્ય યુગમાં તે યજ્ઞ રૂપે, એટલે કે પોતે સર્જેલા પ્રાણીઓના હૃદયમાં પ્રગટ થતા કર્મના સ્વામી રૂપે અવતરે છે. આ રીતે આપણે કોઈ દૂર સુદૂરના સ્વર્ગમાં નહિ, પરંતુ અહીં આપણા પોતામાં પ્રભુને પ્રાપ્ત કરીશું, આપણી પોતાની અંદર પ્રભુનું રાજ્ય સ્થાપિત થશે અને એના પરિણામે સત્યયુગમાં સત્યના, આધ્યાત્મિકતાના યુગમાં સમાજની જે અવસ્થા વિકાસ પામશે તે આ આંતરિક સિદ્ધિનું જ એક ફળ હશે, તે સિદ્ધિની જ એક બાહ્ય આકૃતિ હશે.

આ રીતે જે સમાજ આધ્યાત્મિકતામાં હજી માત્ર મંગલાચરણ જ કરતો હશે તે પણ માનવમાં રહેલા દિવ્ય સ્વરૂપની શોધ કરવાની અને તે સ્વરૂપને પોતામાં પ્રગટ કરવું એ વસ્તુને જ પોતાની સર્વ પ્રવૃત્તિનું લક્ષ્ય બનાવશે. એવા સમાજની કેળવણી, તેની વિદ્યાઓ, તેનું વિજ્ઞાન, તેની નીતિ, કળા, તેનું અર્થતંત્ર તેમ જ રાજતંત્ર એ બધાં આ લક્ષ્ય પ્રત્યે જ અભિમુખ થયેલાં હશે. પ્રાચીન વેદકાળમાં સમાજના ઉપલા વર્ગોની સાંસ્કૃતિક કેળવણી અમુક અંશે આવી જ આધ્યાત્મિક દૃષ્ટિથી થતી હતી. આજના યુગમાં હવે આખીયે પ્રજાની કેળવણી આ પ્રમાણેની થશે. એ કેળવણી પોતાના ક્ષેત્રમાં જ્ઞાનમાત્રનો સમાવેશ તો કરશે જ, પરંતુ સારુંયે વલણ, તેનું સમગ્ર લક્ષ્ય, તેની પાછળની વ્યાપક ભાવના તે આત્મતત્ત્વનો વિકાસ કરવો, આત્મતત્ત્વને પ્રાપ્ત કરવું એ જ રહેશે. માત્ર દુન્યવી રીતની કાર્યક્ષમતા મેળવવા માટે જ તે પ્રયત્ન નહિ કરે. એ કેળવણી ભૌતિક વિજ્ઞાનનો, મનોવિજ્ઞાનનો અભ્યાસ કરશે, પરંતુ તે અભ્યાસ માત્ર જગતની તથા પ્રકૃતિની ક્રિયા પ્રક્રિયાઓને જાણવા માટે તથા તે જ્ઞાનને જીવનના સ્થૂલ હેતુઓ અર્થે પ્રયોજવા માટે જ નહિ કરે. આ વિજ્ઞાન દ્વારા કેળવણી જગતના સર્વ પદાર્થોની અંદર, ઉપર, હેઠળ તથા તે દ્વારા પ્રગટ થઈ રહેલા પરમાત્માને જાણવા પ્રયત્ન કરશે, જગતમાં પોતાના બુરખાઓ ધારણ કરીને અને એ બુરખાઓ પાછળ છુપાઈને કામ કરતા આત્માને, એ આત્માની ગતિરીતિને જાણવા પ્રયત્ન કરશે. એ કેળવણી નીતિશાસ્ત્ર મારફતે સમાજના

પ્રચલિત નિયમોની પૂર્તિ કરનાર અથવા તો તેમાં થોડો વધુ સુધારો કરી આપનાર કોઈ આચારનિયમની સ્થાપના કરવા નહિ ઇચ્છે. અત્યારના સમાજના નિયમો તો આ બેપગા માનવસમુદાયે ઉપજાવેલા માત્ર ટોળાના નિયમો છે, અને ઘણુંખરું તો એ બેઢંગા અને અજ્ઞાનભરેલા જ હોય છે. એવા નિયમોની આસપાસ જ ગતિ ન કરતાં આ નીતિશાસ્ત્ર માનવમાં રહેલી દિવ્ય પ્રકૃતિને વિકસાવવાનાં સાધનો શોધવાનો પ્રયત્ન કરશે. એ કેળવણી કળા મારફતે આંતર કે બાહ્ય જગતનાં ચિત્રો રજૂ કરવાની જ દૃષ્ટિ નહિ રાખે. પરંતુ કળાને તે વસ્તુઓના બાહ્ય દેખાવોની પાછળ જઈને જોઈ શકતી એક રહસ્યગ્રાહી અને સર્જક દૃષ્ટિવાળી વસ્તુ બતાવશે અને એવી કળા મારફતે સૌન્દર્ય અને સત્યનો આવિર્ભાવ કરાવશે. આ જગતના આપણને દૃશ્ય તેમ જ અદૃશ્ય પદાર્થો તે એ જ સૌન્દર્ય અને સત્યના સ્વરૂપો છે. તેના અવગુંઠનો યા તો પ્રતીકો અને રહસ્યપૂર્ણ આકારો છે.

આધ્યાત્મિક બનેલો સમાજ પોતાની સમાજવિદ્યામાં વ્યક્તિને, સંતથી માંડીને તે ગુનાખોર સુધીની સર્વ વ્યક્તિઓને સમાજજીવનના વિવિધ પ્રશ્નો રૂપે નહિ નિહાળે અને એમ ગણીને તે બધાંને કોઈ ખૂબીપૂર્વક રહેલા તંત્રમાંથી પસાર કરી દઈ આખા સમાજ માટે ગોઠવેલા કોઈ એક બીબામાં ઢાળીને હરેકને એકસરખા સપાટ કરી નાખવાનો પ્રયત્ન નહિ કરે, યા તો પછી એ તંત્રયંત્રમાં તેમને પીસીને નિષ્પ્રાણ કરી દેવા નહિ માગે. આધ્યાત્મિક સમાજની સમાજવિદ્યા વ્યક્તિને આત્મા રૂપે જોશે. એ જોશે કે આ અનેકવિધ કક્ષાઓના આત્મામાંથી કેટલાક અવિદ્યાની જાળમાં સપડાઈ ગયેલા છે અને તેથી દુઃખી દુઃખી થઈ રહેલા છે, તો કેટલાક પોતાના નૈસર્ગિક વિકાસને માર્ગે આગળ જઈ રહેલા છે, તો વળી કેટલાક વિકાસ પામીને પુષ્ટ બનેલા છે. એ સમાજવિદ્યા આ દુઃખી આત્માઓને તેમની દુર્દશામાંથી છોડાવવાનો પ્રયત્ન કરશે, વિકસી રહેલા આત્માઓને તેમના વિકાસ પંથે પ્રોત્સાહન આપશે, અને વિકસી ચૂકેલા આત્માઓ પાસેથી હજી અવિકસિત રહેલા બાલ આત્માઓ માટે તે શકિત તથા સહાય મેળવશે. આધ્યાત્મિક સમાજનું અર્થશાસ્ત્ર માત્ર વસ્તુઓના ઉત્પાદન માટેનું જ એક પ્રચંડ તંત્ર ઊભું કરવા પ્રયત્ન નહિ કરે, પછી તે ભલે સ્પર્ધારૂપનું હો કે સહકારરૂપનું હો. એ અર્થશાસ્ત્ર માનવોને અમુકને જ નહિ પરંતુ સર્વ કોઈને, દરેક વ્યક્તિને માટે શક્ય હોય તેટલા વધુમાં વધુ પ્રમાણમાં- પોતપોતાની પ્રકૃતિને અનુસરતો કાર્યનો આનંદ આપવા પ્રયત્ન કરશે, દરેકને પોતાનો આંતર વિકાસ સાધવા માટે જોઈએ તેટલી ફુરસદ આપશે, હરેકને



માટે તે એક સાદું છતાં સમુદ્ધ અને સુંદર એવું જીવન રચી આપશે. આ આધ્યાત્મિક સમાજનું રાજકારણ જગતનાં રાષ્ટ્રોને તેમના આંતરિક વ્યવહારની રીતે જોતાં તે માનવ દ્વારા સંચાલિત તથા શસ્ત્રસજ્જ થતાં રાજ્યરૂપી પ્રચણ્ડ મહાયંત્રો જ હોય તેમ નહિ ગણે. એ સમાજમાં માનવ આ મહાયંત્રને જ પોતાનો ભગવાન સમજી, પોતાનું જ એક વિરાટ સ્વરૂપ સમજી તેની પૂજા નહિ કરે. એ રાજ્યતંત્રને અખંડ રાખવા માટે, તેને સમર્થ બનાવવા માટે, નિત્ય વધુ ને વધુ વિશાળ, વધુ સંકુલ અને વધુ ભારેખમ બનાવવા માટે, એ તંત્રમાં એક યંત્ર જવી કાર્યક્ષમતા અને સમગ્રતા નિપજાવવા માટે, માનવ તેને પોકાર થતાંવેંત જ એ રાજ્ય-ભગવાનની વેદી ઉપર બીજાઓને, વધેરી નાખીને, તેમ જ એ વેદી ઉપર પોતાની જાતનો પણ વધ કરી દઈને સંતુષ્ટ નહિ રહેશે. વળી આ આધ્યાત્મિક રાજકારણ આ રાષ્ટ્રોને તેમના પરસ્પરના સંબંધોમાં એકબીજાને ઉપદ્રવ કરતાં અભદ્ર તંત્રો રૂપે જ નહિ નભાવી રાખે, શાંતિના કાળમાં તેમની મારફતે એકબીજા ઉપર ઝેરી વાયુઓ નહિ છોડાવે અને યુદ્ધના કાળમાં તેમની પાસે એકબીજાનાં લશ્કરો ઉપર તેમ જ કરોડો નિઃશસ્ત્ર માનવો ઉપર ધગધગતા ગોળા નહિ વરસાવે, અત્યારનાં રણક્ષેત્રો ઉપર ભમતી શત્રુની ટૅન્કો પેઠે આ રાજ્યોને તે સામા પક્ષના સંહાર માટે નહિ ધકેલે. એ રાજકારણ માનવને આ રીતે રાજ્યતંત્રોને ટકાવી રાખવાના એક સાધન રૂપે જ નહિ ગણતાં હરકે પ્રજાને તે એક સમૂહ-આત્માઓ રૂપે ગણશે. એ એમ સમજશે કે જગતની દરેક પ્રજા પાછળ એક ગુપ્ત દિવ્યતા રહેલી છે, અને પોતાના માનવ સમુદાયોની અંદર તેણે એ દિવ્યતાને શોધવાની છે. વ્યક્તિની માફક આ રાષ્ટ્રરૂપ સમૂહ-આત્માઓએ પણ પોતપોતાની પ્રકૃતિને માર્ગે વિકાસ સાધવાનો છે અને એ વિકાસ દ્વારા પરસ્પરને સહાય કરવાની છે, માનવતાના એક સર્વસમાન કાર્યની અંદર આખીયે માનવજાતિને સહાય કરવાની છે. અને આખીયે માનવતા માટેનું આ સમાન એવું કાર્ય કયું હશે ? એ કાર્ય એટલે કે માનવજાતિએ વ્યક્તિમાં તેમ જ સમાષ્ટિમાં રહેલા દિવ્ય તત્ત્વને શોધવાનું છે, અને સર્વ માનવોના આંતર જીવનમાં તેમ જ બાહ્ય કર્મમાં અને પ્રકૃતિમાં એ દિવ્ય તત્ત્વની જે જે કાંઈ શક્યતાઓ રહેલી હોય, મહાનમાં મહાન, વિશાળમાં વિશાળ, સમૃદ્ધમાં સમૃદ્ધ, ગહનમાં ગહન શક્યતાઓ હોય, તે બધીને માનવની આધ્યાત્મિક ભૂમિકામાં મનની, પ્રાણની ભૂમિકામાં તેમ જ ઠેઠ સ્થૂલ જીવનની ભૂમિકામાં સિદ્ધ કરવાની છે.

પ્રત્યેક માનવ અને પ્રત્યેક રાષ્ટ્રમાં પરમાત્મા વસેલા છે. અને સર્વ

મનુષ્યો તથા સર્વ રાષ્ટ્રોએ આ પરમાત્મામાં - આંતર દિવ્યતામાં પોતાનો વિકાસ સાધવાનો છે. એ દિવ્યતા કોઈ માનવથી બહારનો વિચાર કે નિયમ નથી અને તેને બહારથી લાવીને માનવો ઉપર કે રાષ્ટ્રો ઉપર લાદવાની નથી. અને તેથી માનવજાતિમાં જ્યારે આધ્યાત્મિકતાનો યુગ સ્થાપિત થશે ત્યારે તે વખતની માનવતામાં એક વૃદ્ધિમાન થતી આંતર સ્વતંત્રતાના નિયમને જ સૌથી વધુ માનવંતુ સ્થાન મળશે. હા, એ વાત ખરી છે કે જ્યાં સુધી માનવ આત્મજ્ઞાનમાં ઠીક ઠીક પહોંચ્યો નથી, આત્મજ્ઞાન તરફ તેણે પોતાનું મુખ બરાબર ગોઠવ્યું નથી ત્યાં સુધી બાહ્ય દબાણના નિયમમાંથી તે કદી છૂટી શકે તેમ નથી. એમ છૂટવા માટે તે જો કોઈ પ્રયત્નો કરશે તો તે પ્રયત્નો નકામા જ નીવડવાના છે. જ્યાં લગી માનવ આત્મજ્ઞાનમાં પહોંચ્યો નથી ત્યાં સુધી તે બીજાઓનો ગુલામ છે, અને હમેશાં રહેવાનો પણ છે જ. આવો અનાત્મજ્ઞ માણસ પોતાના કુટુંબનો ગુલામ હોય છે, પોતાની જ્ઞાતિનો અને ટોળીનો ગુલામ હોય છે, પોતાના સંપ્રદાયનો અને સમાજનો ગુલામ હોય છે, પોતાના દેશનો ગુલામ હોય છે. અજ્ઞ માણસ માટે આવી ગુલામી સિવાય બીજી કોઈ અવસ્થા શક્ય નથી, અને આ કુટુંબ, સમાજ, રાષ્ટ્ર વગેરે પણ તેના ઉપર પોતાનું કઢંગું અને સમજરહિત દબાણ મૂકયા વિના રહી શકવાનાં નથી. કારણ કે માનવ પોતે તેમ જ આ બધાં - જ્ઞાતિ, કુટુંબ, સમાજ, સંપ્રદાય, રાષ્ટ્ર એ સર્વે પોતે જ પોતાના અહંકારનાં, પોતાની નિમ્ન પ્રકૃતિના દાસ છે. બેશક, આ બધાં બાહ્ય દબાણોમાંથી હઠી જવાનો આપણા અંતરાત્માને અધિકાર છે જ. પરંતુ તે અધિકારને સ્થાપિત કરવા માટે આપણે આત્મતત્ત્વના દબાણનો અનુભવ કરવો પડશે, તેને આધીન બનવું પડશે, એ માટે આપણે આપણી નિમ્ન પ્રકૃતિને આપણામાં રહેલા દિવ્ય પુરુષની રાજીખુશીથી દાસ બનાવવી પડશે, એ પ્રભુનું તેને એક સજ્ઞાન અને પ્રકાશિત કરણ બનાવવી પડશે, અથવા આ પ્રભુનો તે ઉન્નત થયેલો અંશ હશે છતાં તેને પ્રભુને આપમેળે આધીન રહેનાર અંશ બનાવવી પડશે. પ્રભુની ભેરુ અને ભાગીદાર બનાવવી પડશે. આ દિવ્યતાને આપણે આધીન બની રહીએ એ આપણી સ્વતંત્રતા માટેની આવશ્યક શરત છે. કારણ, આધ્યાત્મિક સ્વતંત્રતાનો અર્થ એ નથી કે આપણે અહંકારના માર્ગે જગતમાં કેવળ આપણા અલગ મન અને પ્રાણની જ સ્થાપના કરતા રહીએ. સાચી આધ્યાત્મિક સ્વતંત્રતા તો એ છે કે આપણે આપણી અંદર, આપણી ઇન્દ્રિયોમાં તેમજ આપણી આસપાસના સર્વમાં આવી રહેલા દિવ્ય સત્યને જ કેવલ આધીન બની રહીએ. પરંતુ આમ હોવા છતાં આપણે એ પણ



ધ્યાનમાં રાખવાનું છે કે આપણા સ્વરૂપના જે જે નૈસર્ગિક અંશો છે તે સર્વની સ્વતંત્રતાને પ્રભુ અવકાશ આપે છે. અને એ રીતે આપણી પ્રકૃતિના સર્વ અંશો પોતાનો વિલોપ કરીને નહિ પણ પોતા માટેનો નૈસર્ગિક વિકાસ સાધીને પોતામાં પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકે છે.

માનવજાતિમાં જ્યારે આધ્યાત્મિકતાનો યુગ આવશે ત્યારે તેને આ સત્યનું જ્ઞાન થશે. એ યુગ યંત્રો મારફતે માનવને સંપૂર્ણ કરવાનો પ્રયત્ન નહિ કરે અથવા તો તેનાં અંગઉપાંગોને દોરીથી બાંધી રાખીને તેને સીધો રાખવા નહિ માગે. એ યુગમાંની માનવજાતિ પોતાના સમાજના સભ્યોને એમ નહિ કહેશે કે આ પોલિસનો માણસ, કે સરકારી અમલદાર કે લશ્કરી માણસ એ જ તારું ઉત્તમોત્તમ સ્વરૂપ છે, અથવા તો એથી આગળ વધીને તે એમ નહિ કહેશે કે આ સમાજવાદી નોકરશાહી કે મજુદૂરોની સોવિયેત એ જ તારી અંતિમ ઉચ્ચ અવસ્થા છે. એ આધ્યાત્મિક યુગ માનવમાં રહેલા આત્માનું દિવ્ય આંતરિક દબાણ જાગૃત કરશે અને એ રસ્તે માનવ જીવનમાંથી બાહ્ય દબાણના તત્ત્વને બનતી ઝડપે અને બની શકે તેટલા પ્રમાણમાં ઘટાડી નાંખવા પ્રયત્ન કરશે. આ ધ્યેયને સિદ્ધ કરવા તે જે કાંઈ તૈયારી રૂપ સાધનો વાપરશે તે બધાનું લક્ષ્ય પણ આ જ રીતનું હશે. એ યુગને જો કોઈ દબાણ વાપરવાની જરૂર પડશે તો છેવટના ઇલાજ તરીકે તે આધ્યાત્મિક દબાણ વાપરશે, જો કે સમાજની સાથે કામ લેવામાં તે માત્ર આ જ એક સાધન તો નહિ વાપરે પરંતુ તેનું મુખ્ય સાધન તો આ જ હશે. આવું દબાણ આધ્યાત્મિક બનેલો આખો સમાજ તો તે કરતાં પણ ઘણી વિશેષ અસરકારક રીતે વાપરી શકે છે. આ આધ્યાત્મિક દબાણ એક વસ્તુ છે કે આપણી પ્રકૃતિ અંદરની બાજુથી તેનો ગમે તેટલો ઇનકાર પુકારતી રહે તો પણ તે આપણામાં પ્રકાશનું દબાણ જાગૃત કરી આપે છે, આપણી પ્રકૃતિના માર્ગે થઈને દિવ્ય તત્ત્વમાં વિકાસ પામવની ઇચ્છા અને શક્તિને જગવી આપે છે. આમ સંપૂર્ણ રીતે આધ્યાત્મિક બનેલો સમાજ એક એવો સમાજ હશે કે જેમાં સર્વ માનવો પોતાના ગહન અંતરાત્મામાં પૂરેપૂરા સ્વતંત્ર હશે, કારણ કે એ સ્વતંત્રતા માટેની ભૂમિકા તેમનામાં બરાબર રચાઈ ગઈ હશે. આપણા આધ્યાત્મિક અરાજકતાવાદીઓ જે સૃષ્ટિનું સ્વપ્ન સેવી રહેલા છે તે સ્વપ્ન જગતમાં આ યુગમાં સિદ્ધ થયેલું હશે. એ આધ્યાત્મિક યુગમાં પ્રત્યેક માનવ એ પોતાનો નિયમ, પોતાનો ધર્મ બની રહેશે એમ નહિ પરંતુ એ પોતે જ સ્વયમેવ ધર્મ બની રહેશે, દિવ્ય ધર્મ બની રહેશે. કારણ એ યુગનો માનવ, જો સંપૂર્ણ રીતે નહિ તો મોટા પ્રમાણમાંય પોતાનાં અલગ હિતો

શ્રી અરવિન્દ



અને હેતુઓ માટે જીવનાર એક અહંકાર જ નહિ, પરંતુ પરમાત્મામાં જીવી રહેલો એક જીવાત્મા બની રહેલો હશે. એ માનવનું જીવન અહંકારમાંથી મુક્ત બનેલી એવી તેની દિવ્ય પ્રકૃતિના ધર્મને અનુસરીને વ્યતીત થશે.

પરંતુ આ રીતના આધ્યાત્મિક વિકાસનો અર્થ એવો નહિ થાય કે આખોયે માનવ સમાજ તૂટીને વેરણછેરણ થઈ જશે. અને બધી વ્યક્તિઓ પોતપોતાની અલગ પ્રવૃત્તિમાં રચેલીપચેલી રહેશે. કારણ આત્મતત્ત્વનું ત્રીજું તત્ત્વ તે એક્તા છે. આધ્યાત્મિક જીવન એ કોઈ આકાર વિનાની નહિ પણ સજ્ઞાન અને વૈવિધ્યમય એક્તામાંથી જન્મનારું પુષ્પ છે. દરેક માનવે પોતાના અલગ સ્વરૂપને માર્ગે પોતામાં રહેલા પરમાત્મામાં પહોંચવાનું છે અને તેથી વ્યક્તિ જેમ જેમ વિકાસ પામતી જાય છે તેમ તેમ તેને અમુક પ્રમાણમાં વધુ ને વધુ સ્વતંત્રતા મળતી રહે એ જરૂરનું છે. અને આમ વધતાં વધતાં માણસને જ્યારે પૂર્ણ સ્વતંત્રતા મળી શકશે ત્યારે સમજવું કે જગતમાં પૂર્ણ જીવન સ્થપાયું છે. પૂર્ણ સ્વતંત્રતા એ પૂર્ણ જીવનનો સંકેત છે, પૂર્ણ જીવન માટેની આવશ્યક ભૂમિકા છે. વળી વ્યક્તિને જ્યારે છેવટે આ રીતે પોતાની અંદર પરમાત્માનું દર્શન થાય છે ત્યારે તેને એ પણ દેખાવા લાગે છે કે એ પરમાત્મા તો બીજાઓમાં પણ એટલા જ રહેલા છે, સર્વ માનવોમાં તે એક જ આત્મા રૂપે રહેલા છે. અને આમાંથી પણ વસ્તુ ફલિત બને છે કે વ્યક્તિ બીજાઓની સાથે વધુ ને વધુ વિકસતી જતી આંતરિક એકતા પ્રાપ્ત કરે તે પણ તેના જીવનમાં એક જરૂરની વસ્તુ બની રહે છે. પૂર્ણ સ્વતંત્રતાની માફક પૂર્ણ એક્તા એ પૂર્ણ જીવનનો સંકેત છે, પૂર્ણ જીવન માટેની આવશ્યક ભૂમિકા છે. આમ વ્યક્તિ પોતાની અંદર પરમાત્માને જોશે અને પામશે, એટલું જ નહિ પણ સર્વ કોઈની અંદર પણ તે પરમાત્માને જોશે અને પામશે, વ્યક્તિ પોતાની અંગત મુક્તિ કે પૂર્ણતા મેળવવાનો પ્રયત્ન કરશે એટલું જ નહિ પણ બીજાઓની મુક્તિ અને પૂર્ણતા મેળવવા માટે પણ તે પ્રયત્નશીલ રહેશે. આપણે જે પ્રભુને શોધી રહ્યાં છીએ તે જો હરેક વ્યક્તિની અંદર રહેનાર એક અલગ અલગ દેવતા જ હોત, સર્વમાં રહેલા તે એકમાત્ર પરમાત્મા ન હોત, અથવા તો આપણે જો કેવળ પોતાને ખાતર જ પ્રભુને મેળવવા નીકળ્યા હોત તો તેનું પરિણામ કોઈ પ્રચંડ અહંકાર રૂપે આવીને ઊભું રહ્યું હોત. એ અહંકાર કોઈ ગેથેના જેવો ઑલિમ્પયન અહંકાર જ બની રહે. અથવા તો નિત્શેએ કલ્પેલો તેવો કોઈ રાક્ષસી અહંકાર બની રહે, અથવા તો એ હાથીદાંતના મિનારા જેવું* યા તો સ્ટાઈલાટિઝના થાંભલા જેવું એક એકલવાયું આત્મજ્ઞાન જ બની

રહે યા તો કોઈ સન્યાસી માનસ જ બની રહે. પરંતુ જે માણસ સર્વ માનવોમાં પ્રભુને નિહાળે છે તે તો સર્વ માનવોમાં રહેલા પ્રભુની સેવા પણ બહુ જ પ્રેમપૂર્વક મોકળા મને કરવા લાગશે. એટલે કે આવો માનવ માત્ર પોતાની એકલાની જ સ્વતંત્રતા માટે નહિ, પણ પ્રાણીમાત્રની સ્વતંત્રતા માટે પ્રયત્ન કરશે, તે માત્ર પોતાની પૂર્ણતાની જ નહિ, પરંતુ સર્વ કોઈની પૂર્ણતા માટેની સાધના કરશે. આવી વ્યક્તિને પોતાનું વ્યક્તિત્વ જ્યારે વિશાળમાં વિશાળ વિશ્વરૂપ બનેલું જણાશે ત્યારે જ તે પૂર્ણ બન્યું છે એમ તે અનુભવશે, પોતાનું જીવન તેને જ્યારે વિશ્વરૂપ જીવન સાથે એકરૂપ થઈ ગયેલું જણાશે ત્યારે જ તેને પોતાના જીવનની પૂર્ણતા લાધેલી જણાશે. આવી વ્યક્તિ માત્ર પોતાના ખાતર યા તો રાજ્ય કે પછી સમાજને ખાતર જીવન નહિ ગાળે, પોતાના વ્યક્તિગત અહંકાર કે પછી સામુદાયિક અહંકારને ખાતર જ તે નહિ જીવે. એ વ્યક્તિ તો આ અહંકારથી પણ એક ઘણી મહાન એવી વસ્તુને ખાતર, પોતામાં રહેલા પ્રભુને ખાતર, વિશ્વમાં વસેલા પરમાત્માને ખાતર જીવન જીવતી હશે.

માનવનું સામાન્ય મન જ્યારે આ સત્યોને સમજવા લાગશે, આ પ્રમાણેની આત્મતત્ત્વની-પ્રભુ, સ્વતંત્રતા અને એકતાની – ત્રિવિધ કિંવા ત્રિરૂપ ભાવનાથી તે પ્રેરિત થવા માંડશે યા તો પ્રેરવાની તેને ઇચ્છા થશે ત્યારે જગતમાં આધ્યાત્મિક યુગના મંડાણ માટેની તૈયારી થયેલી ગણાશે.

**શ્રી અરવિન્દ**

(માનવવિકાસ ચક્ર પેજ ૨૭૫-૨૮૧-૨૮૪)

* આ સેન્ટ સિમિઑન સ્ટાઇલાઈટિઝ (આશરે ઇ.સ. ૩૯૦-૪૫૯) એક થાંભલા ઉપર ત્રીસ વરસ લગી રહ્યો હતો એમ કહેવાય છે.



# વૃત્ત વિશેષ

**૧૯ સપ્ટેમ્બર :** શ્રી અરવિન્દ સોસાયટીના સુવર્ણ જ્યંતી વર્ષની શરૂઆત. બીચ ઓફિસ પોંડિચેરી તેમજ સોસાયટીની શાખાઓ અને કેન્દ્રો પર તે દિવસે શ્રી માતાજી અને શ્રી અરવિન્દ પરત્વે કૃતજ્ઞતાની અભિવ્યક્તિ રૂપ ખાસ ધ્યાનના કાર્યક્રમોનું આયોજન થશે.

❋ ❋ ❋

બેંગ્લોર શાખા પર ૯ થી ૧૧ ઓક્ટોબર દરમિયાન એક યુવા શિબિરનું આયોજન શ્રી અરવિન્દ ભવન, ૧૭૦ ગંગાધર ચેટ્ટી રોડ, બેંગ્લોર-૫૬૦૦૪૨ મુકામે કરવામાં આવ્યું છે. વધુ વિગતો માટે સંપર્ક કરો ૦૮૦-૨૫૫૫૯૮૮૫/૨૫૨૯૮૬૮૪

❋ ❋ ❋

વિસનગર કેન્દ્રના ઉપક્રમે શ્રી નવયુગ શિશુ નિકેતન માધ્યમિક શાળામાં ‘સર્વાંગી શિક્ષણ’ વિષય પર એક પરિસંવાદનું આયોજન ૧૧ જુલાઈ ૨૦૦૯ના રોજ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ધોરણ ૧ થી ૧૦ ના ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. શાળાના મુખ્ય ટ્રસ્ટી અને કેન્દ્રના સાધકોએ શ્રી અરવિન્દ, શ્રી માતાજીના જીવન-દર્શન વિશે માહિતીની આપ લે કરી અને કેળવણી વિષયક પ્રશ્નોત્તરીમાં રસપૂર્વક ભાગ લીધો.

❋ ❋ ❋

શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર નડિયાદ દ્વારા ૧૨ જુલાઈ ૨૦૦૯ના રોજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં ૫૮ વિદ્યાર્થીઓએ લાભ લીધો. કાર્યક્રમોમાં વંદેમાતરમનું સમૂહગાન, સંસ્કૃત શ્લોકોનું પઠન, ‘અર્પણ’ માસિક આધારિત વક્તવ્યોનું આયોજન, ભજન સ્પર્ધા, ચિત્ર-સ્પર્ધા, દુર્ગા સ્તોત્રના ગાનની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રત્યેક સ્પર્ધાના પ્રથમ ત્રણ વિજેતાઓને પ્રોત્સાહન ઇનામો આપવામાં આવ્યા હતા. શિબિરાર્થીઓને નાસ્તો પણ આપવામાં આવ્યો. શિબિરમાં હાજર રહેલા શિક્ષકોએ અંતે સુંદર પ્રતિભાવ આપ્યો. કેન્દ્ર દ્વારા પ્રત્યેક શિક્ષકને અગરબત્તી, સાબુ તથા પુસ્તક ‘દિવ્ય સંસ્પર્શ’ ભેટ આપવામાં આવ્યું. શાળા

માટે 'મહાયોગી શ્રી અરવિન્દ' 'અમને શ્રી અરવિન્દની વાત કહો' 'અમને શ્રીમાતાજીની વાત કહો' તથા 'દિવ્ય સંસ્પર્શ' પુસ્તકો ભેટ આપવામાં આવ્યાં.

શિબિરસંચાલન કાર્યમાં શ્રી નાનશા પંડિત તથા શ્રી રણછોડભાઈને કેન્દ્રના ૨૦ સાધક ભાઈબહેનોનો સુંદર સહકાર પ્રાપ્ત થયો.

❋ ❋ ❋

ગુરુપૂર્ણિમાના દિવસે શ્રી અરવિન્દ કેન્દ્ર નડિયાદ ઉપર સાંજે ૫-૧૫ થી ૬-૩૦ દરમિયાન શ્રી પૂજાલાલ કૃત 'શ્રી અરવિન્દ વંદના'નું ગાન કરવામાં આવ્યું હતું અને શ્રી રણછોડભાઈ પંચાલે 'પ્રભુની પળ' વિષય પર સુંદર વક્તવ્ય રજૂ કર્યું હતું. કેન્દ્રના સભ્યોએ વિશાળ સંખ્યામાં કાર્યક્રમમાં હાજરી આપી. નડિયાદ કેન્દ્રની સ્થાપનાને આ વર્ષે ૫૦ વર્ષ પૂરાં થતાં હોઈ કેન્દ્ર દ્વારા 'શૈક્ષણિક શિબરો' ના આયોજનોનું કાર્ય ખાસ હાથ પર લેવામાં આવ્યું છે. શ્રી નાનશા પંડિતે તા. ૨૯ જુલાઈથી ૧ ઓગસ્ટ દરમિયાન પાટણ જિલ્લામાં બી.એડ. કૉલેજ, મહેસાણા, સાધના વિનય મંદિર, ભાટસર, પ્રગતિ વિદ્યાલય, બરિસમ, ચણાસમાની આર્ટસ તથા કોમર્સ કોલેજોમાં, ચણાસમાની આશ્રમ શાળા કારોગમાં, શ્રી અરવિન્દ, શ્રી માતાજી, શ્રી અરવિન્દ આશ્રમની શાળા, આશ્રમનાં બાળકો, આશ્રમની ખોરાક પદ્ધતિ, વૃક્ષોનું આધ્યાત્મિક મૂલ્ય, વગેરે વિષયો પર વક્તવ્યો રજૂ કર્યા. દરેક સ્થળે સેંકડો બાળકો, શિક્ષકો અને શ્રોતાગણોએ શ્રી નાનશા પંડિતનાં વક્તવ્યોમાં હાજરી આપી.

❋ ❋ ❋

શ્રી અરવિન્દ સોસાયટીના સુવર્ણજયંતી વર્ષ અને શ્રી અરવિન્દના પોંડિચેરી ગમનની શતાબ્દી પ્રસંગે, શ્રી અરવિન્દ સોસાયટી વડોદરા શાખાના અભીપ્સુ યુવાવર્તુળના ઉપક્રમે તા. ૧૪ થી ૧૬ ઓગસ્ટ દરમિયાન રાજ્યકક્ષાના યુવા શિબિરનું આયોજન શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા મુકામે કરવામાં આવ્યું હતું. ગુજરાતનાં વિધવિધ કેન્દ્રો, ભુજ, ભાવનગર, કડી, વલ્લભવિદ્યાનગર તથા વડોદરાના કુલ ૩૮ વિદ્યાર્થી યુવામિત્રોએ શિબિરમાં ભાગ લીધો. શિબિરમાં શ્રી અરવિન્દ, શ્રી માતાજી, શ્રી અરવિન્દ આશ્રમ, શ્રી અરવિન્દ સોસાયટી, ઑરોવિલ, ભારતમાતા, યુવાનો અને યૌવન વગેરે વિશે તેમજ



ઉત્તરપાડા વ્યાખ્યાન વિશે વિદ્યાર્થીમિત્રોને સમજપૂર્વકની માહિતી પૂરી પાડવામાં આવી. શ્રી અરવિન્દ નિવાસના દિવ્ય વાતાવરણમાં ત્રણ દિવસના નિવાસ દરમિયાન વિદ્યાર્થીમિત્રોએ આનંદાનુભૂતિ કરી. શિબિરનું સંચાલન શ્રી નરેન્દ્રભાઇ પટેલે કર્યું. વડોદરામાં આ વર્ષે આવા ચારેક શિબિરોનું આયોજન કરવાનું વિચારવામાં આવ્યું છે.

## જાહેરાત

સુન્દરમ્ : પૂર્ણયોગના પ્રકાશમાં : ઓગસ્ટ માસના અંકમાં રજૂ થયેલ વિગતો મુજબ પ્રસ્તુત પુસ્તકનું મુદ્રણ કાર્ય સંપન્ન થઈ ગયું છે. પુસ્તકનો લોકાર્પણ વિધિ પ્રસિદ્ધ કવિ શ્રી ઉશનસના શુભ હસ્તે થશે. ૦૯.૦૯.૦૯ ને બુધવારના રોજ સાંજે ૫-૦૦ કલાકે, શ્રી અરવિન્દ નિવાસ ખાતે વિધિ થશે. અગાઉ જાહેરાત કર્યા મુજબ આગોતરા ગ્રાહક યોજના દિવાળી સુધી અમલમાં રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. રસ ધરાવનારે શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટ, શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા. ફોન - ૦૨૬૫-૨૪૧૮૯૭૮ નો સંપર્ક કરી પોતાની કોપી નોંધાવી લેવી.

❋ ❋ ❋

An Invitation to Artists, Illustrators and Photographers : Sri Aurobindo Society has been involved in many innovative and creative projects related to books, journals, e journals, and the preparation of audio-visuals, CD Roms, films, websites, etc. The work is growing and the Society invites the participation of Illustrators / Artists (Working in any medium - Traditional hand-drawn or Digital Style), and Photographers (with an eye for the aesthetics and beauty in Colour / Black and White) to collaborate with the Society in print, multimedia and web projects.

Please E-mail details about yourself, your phone number and samples of work (jpg format max. file zie 3 MB / e-

mail) to: vijay@sriaurobindosociety.org.in or Write to Vijay, Sri Aurobindo Society, 66 Manakula Vinayak Kovil Street, Pondicherry - 605 002.

❋ ❋ ❋

**શ્રી અરવિન્દ કેન્દ્ર, જંત્રાલ (પંચમહાલ)** મુકામે ૧૫ ઑગસ્ટ, શ્રી અરવિન્દના જન્મદિન નિમિત્તે આંગણવાડીના બાળકોને પહેરવેશ ભેટ આપવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલ ૯૦ બાળકોને પહેરવેશ રોનક ચેરિટી ટ્રસ્ટના શ્રી અંબુભાઇ પટેલ (U.S.A.) તરફથી ભેટ આપવામાં આવ્યા. રોનક ટ્રસ્ટના કાર્યકર શ્રી ઈન્દુભાઇ શાહે પહેરવેશ જંત્રાલ પહોંચતા કર્યા હતા. પ્રત્યેક બાળકે શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની છબીઓને પ્રણામ કરી પહેરવેશ સ્વીકાર્યા હતા. કાર્યક્રમમાં એ વિસ્તારના રહીશો, બાળકોના વાલીઓ અને શિક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જંત્રાલનું આ કેન્દ્ર રહેઠાણ વિસ્તારથી દૂર વગડામાં વિશાળ વિસ્તારમાં આવેલું છે. કેન્દ્રની જમીન પર શ્રી અરવિન્દના દિવ્યાંશની પ્રસ્થાપના થયેલી છે. પૂ. શ્રી ચંપકલાલે એ સ્થળે દેહત્યાગ કર્યો હતો. શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના દર્શનના પ્રસારકાર્યમાં કેન્દ્ર સક્રિય છે. કેન્દ્રના એકાન્ત અને સાધના લક્ષી વાતાવરણનો લાભ લેવા કેન્દ્રની મુલાકાત લેવા ઇચ્છનાર શ્રી વસંતભાઇ પટેલ / શ્રી સ્મિતાબહેન ભટ્ટનો સંપર્ક ફોન - ૨૩૨૨૦૧ (૦૨૬૭૬) પર કરી શકે છે.

❋ ❋ ❋

## Matter shall reveal the Spirit's face

Sri Aurobindo

**૧૯-૯-૨૦૦૯ - ૧૯-૯-૨૦૧૦**
**શ્રી અરવિન્દ સોસાયટીનું**
**સુવર્ણજયંતી વર્ષ**

***શ્રી માતાજીએ વર્ષ ૧૯૬૦માં શ્રી અરવિન્દ સોસાયટીની સ્થાપના કરી હતી. મેમોરેન્ડમ ઓફ એસોસિયેશન પર ૧૯.૦૯.૧૯૬૦ ના દિવસે સહીસિક્કા કરવામાં આવ્યા હતા. આપણે શ્રી અરવિન્દ સોસાયટીની સ્થાપનાના ૫૦મા વર્ષની ઉજવણી વિનમ્રતા તેમ જ કૃતજ્ઞતાના ભાવસહિત કરીએ છીએ અને આપણી જાતને શ્રી માતાજી પ્રત્યે તથા જે કાર્ય માટે શ્રી અરવિન્દ સોસાયટીની સ્થાપના કરવામાં આવી છે એ કાર્ય પ્રત્યે પુનઃ સમર્પિત કરીએ છીએ.***

---

મુખપૃષ્ઠ :

**ઈશ્વર માટેના પ્રેમમાં વિનમ્રતા**

લવન્ડર રંગના ગુલાબને શ્રી માતાજીએ આપેલું આધ્યાત્મિક નામ :



***જગતમાં આધ્યાત્મિક યુગનું મંડાણ થવાની પૂર્વે તેમાં ઊર્ધ્વ જીવનની અભીપ્સાવાળી અનેક વ્યક્તિઓ વધુ ને વધુ સંખ્યામાં પ્રગટ થવી જોઈએ. આવી વ્યક્તિઓને માટે હવે માનવના સામાન્ય રીતના બૌદ્ધિક, પ્રાણિક અને દૈહિક જીવનમાંથી સંતોષ ચાલ્યો ગયો હશે. તેઓને જણાવા માંડ્યું હશે કે આટલા વિકાસ કરતાં પણ એક વધુ મહાન વિકાસ એ જ માનવ જીવનનું સાચું લક્ષ્ય છે. અને આવો બૃહત વિકાસ પોતાની અંદર સિદ્ધ કરવાને તેઓ પ્રયત્ન કરશે, એ વિકાસ પ્રત્યે બીજાઓને લઈ જવા તેઓ મથશે, માનવજાતિ એ વસ્તુને પોતાના ધ્યેય તરીકે સ્વીકારતી થાય એ માટેના તેમના પ્રયત્નો રહેશે. આમ જગતની આ અસિદ્ધ શક્યતાના પ્રતિનિધિ રૂપે રહીને તેઓ કાર્ય કરતા રહેશે અને આ પુરુષોને તેમના કાર્યમાં જેટલી સફળતા મળશે, આ વિકાસને તેઓ જેટલી હદ સુધી આગળ વધારી શકશે તેટલા પ્રમાણમાં એ અસિદ્ધ શક્યતા ભાવિમાં એક સિદ્ધ વાસ્તવિક્તા રૂપે બની રહેશે.***

***શ્રી અરવિન્દ***

(માનવવિકાસ ચક્ર - પૃ-૨૮૮)

**(અંક ૧૨ : વર્ષ ૩૩)**

**વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦ છૂટક અંક : રૂા. ૧૫**

Regd. No. VDR-E/104/2006-2008

***આત્માનો સારો યે સંકલ્પ જ્યારે પરમાત્માને પામવાને માટે કટિબદ્ધ બને છે, ત્યારે પછી તેની સામે કશું યે ટકી શકતું નથી.***

***– શ્રી અરવિન્દ***

❋

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા

છૂટક અંકની કિંમત **રૂા. ૧૫-૦૦**

વાર્ષિક લવાજમ ભારતમાં **રૂા. ૧૫૦** આજીવન **રૂા. ૧૨૦૦**

વિદેશ માટે-હવાઇ માર્ગે

અમેરિકન **ડોલર ૨૫** વાર્ષિક

દરિયાઈ માર્ગે, અમેરિકન **ડોલર ૧૫**

તંત્રી : **શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર**

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫૦૦૨

પ્રકાશક :

**શ્રી હંસકુમાર બી. માંકડ,** અધ્યક્ષ,

શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,

દાંડિયા બજાર, વડોદરા. ફોન : ૨૪૧૨૬૮૫

E-mail : sas@auronivas.org

વેબસાઈટ : www.auronivas.org

મુદ્રણસ્થાન : **કૈલાસ પ્રિન્ટરી,** ડી-૧૨, સરદાર એસ્ટેટ,

આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૬૨૦૯૮

❋